| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખઃ– | ૦૨ | ૦૭ | ૨૦૦૮ |
| નોંધ્યા તારીખઃ– | ૦૨ | ૦૭ | ૨૦૦૮ |
| ફેંસલ તારીખઃ– | ૦૯ | ૧૨ | ૨૦૨૫ |
| | વર્ષ | માસ | દિવસ |
| અવધિઃ– | ૧૭ | ૦૫ | ૦૭ |
| આંકઃ– | | **૨૩૦** | |

सत्यमेव जयते

**<u>ફોર્મ– "એ"</u>**

| | | |
|---|---|---|
| **મે. સુરતના ચૌદમા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, સુરત.**<br>**ચુકાદા તારીખઃ ૦૯/૧૨/૨૦૨૫**<br>**<u>સેશન્સ કેસ નંબર–૧૫૬/૨૦૦૮.</u>**<br>[માંગરોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિ.નં.૨૮/૨૦૦૮] | | |
| **ફરિયાદી.** | | **શ્રી સરકાર.** |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટર. | | **શ્રી એસ.એસ.પાટીલ.** |
| **આરોપી** | **૧** | **અફઝલ અબ્દુલ શેખ,**<br>ઉં.૨૨ વર્ષ, ધંધોઃ વેપાર ફૂટવેર,<br>રહેવાસી–બજાર ફળિયું,<br>તા.ઉમરપાડા, જિ.સુરત. |
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલ | | – |
| **આરોપી** | **૨** | **મુકેશભાઈ લક્ષ્મણભાઈ વસાવા,**<br>ઉં.૨૫ વર્ષ, ધંધોઃ ખેતી,<br>રહેવાસી–નાની ફોકડી,<br>તા.ઉમરપાડા, જિ.સુરત. |

| | | |
|---|---|---|
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલ | | **શ્રી વી.એસ.પાટીલ.** |
| **આરોપી** | ૩ | **ભુપતભાઈ ગણપતભાઈ વસાવા,**<br>ઉં.૨૨ વર્ષ, ધંધોઃ અભ્યાસ,<br>રહેવાસી–નાની ફોકડી,<br>તા.ઉમરપાડા, જિ.સુરત. |
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલ | | **શ્રી કે.સી.પાનવાલા./**<br>**શ્રી આર.કે. પાનવાલા.** |
| **આરોપી** | ૪ | **પ્રભાતભાઈ ગીબીયાભાઈ વસાવા,**<br>ઉં.૨૫ વર્ષ, ધંધોઃ ખેતમજૂરી,<br>રહેવાસી–નવી વસાહત, કેબીકુવા,<br>તા.ઉમરપાડા, જિ.સુરત. |
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલ | | **શ્રી પી.બી.નાયક/શ્રી પી.વી.રાઉલ.** |

**<u>ફોર્મ– "બી"</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૪/૦૪/૨૦૦૮ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૫/૦૪/૨૦૦૮ |
| ચાર્જશીટની તારીખ | ૩૦/૦૫/૨૦૦૮ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૦૫/૦૯/૨૦૧૧ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૨૪/૦૬/૨૦૧૩ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૨૫/૧૧/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૦૯/૧૨/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | – |

## આરોપીની વિગત

| આરોપીનો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં. કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અફઝલ અબ્દુલ શેખ | ૦૪/૦૪/૦૮ | ૨૪/૦૬/૦૮ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૯ તથા આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧–બી)એ મુજબ. | નિર્દોષ | ના | ૦૦ વર્ષ ૦૨ માસ ૨૦ દિવસ |
| ૨ | મુકેશભાઈ લક્ષ્મણભાઈ વસાવા | ૦૪/૦૪/૦૮ | ૩૦/૦૬/૦૮ | | નિર્દોષ | ના | ૦૦ વર્ષ ૦૨ માસ ૨૬ દિવસ |
| ૩ | ભુપતભાઈ ગણપતભાઈ વસાવા | ૦૪/૦૪/૦૮ | ૨૨/૦૬/૦૮ | | નિર્દોષ | ના | ૦૦ વર્ષ ૦૨ માસ ૧૮ દિવસ |
| ૪ | પ્રભાતસિંહ ગીમ્બીચાભાઈ વસાવા | ૦૪/૦૪/૦૮ | ૩૦/૦૬/૦૮ | | નિર્દોષ | ના | ૦૦ વર્ષ ૦૨ માસ ૨૬ દિવસ |

## ફોર્મ–સી

### એ. ફરિયાદ પક્ષ તરફે મૌખિક પુરાવાઓનું લીસ્ટઃ–

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૫૭ | ASI પ્રકાશ રઘુનાથ પાટીલ | ફરિયાદી |
| ૨ | ૧૭૬ | પીરૂભાઈ માનખાભાઈ મુલતાની | આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામું (આંક–૧૭૭) ના પંચ સાહેદ (વિમુખ) |
| ૩ | ૧૮૫ | બિલાલ મુસા પાંચભાયા | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું |

| | | | |
|---|---|---|---|
| | | | (આંક-૧૮૬) ના પંચ સાહેદ (વિમુખ) |
| ૪ | ૧૮૭ | ઈસ્માઈલ અહમદ પાંચભાયા | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું (આંક-૧૮૬) ના પંચ સાહેદ (વિમુખ) |
| ૫ | ૧૯૨ | નિવૃત્ત PSI અનિલભાઈ તુલશીરામ બાવીસ્કર | પોલીસ સાહેદ |
| ૬ | ૨૦૫ | રિઝર્વ PSI યાસીન મોહમદ ઈબ્રાહીમભાઈ સંધિ | પોલીસ સાહેદ |
| ૭ | ૨૧૧ | નિવૃત્ત PI નારણભાઈ હરીભાઈ દેસાઈ | ચાર્જશીટ કરનાર પોલીસ સાહેદ/ત.ક.અમલદાર |
| ૮ | ૨૧૮ | નિવૃત્ત રામજીભાઈ વરવાભાઈ રબારી | ત.ક.અમલદાર |

બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ સાહેદો તપાસવામાં આવેલ નથી.

**એ. <u>ફરિયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટઃ-</u>**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૫૮ | ફરિયાદ |
| ૨ | ૧૭૭ | આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામું. |
| ૩ | ૧૭૮ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧ સાથે નીકળેલ પંચ સ્લીપ |

| | | |
|---|---|---|
| ૪ | ૧૭૯ | મુદ્દામાલ આર્ટિકલ નં.૩ સાથે નીકળેલ પંચ સ્લીપ |
| ૫ | ૧૮૦ | મુદ્દામાલ આર્ટિકલ નં.૫ સાથે નીકળેલ પંચ સ્લીપ |
| ૬ | ૧૮૧ | મુદ્દામાલ આર્ટિકલ નં.૭ સાથે નીકળેલ પંચ સ્લીપ |
| ૭ | ૧૮૨ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૦ સાથે નીકળેલ પંચ સ્લીપ |
| ૮ | ૧૮૬ | આરોપીઓએ બતાવેલ મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું |
| ૯ | ૨૧૨ | ચાર્જશીટ કરવા મંજૂરી મેળવવા માટે લખેલ યાદી ફોરવર્ડીંગ લેટર સાથે |
| ૧૦ | ૨૧૩ | ચાર્જશીટ કરવા પરવાનગી આપતો હુકમ |
| ૧૧ | ૨૧૪, ૨૧૫ | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર સાથેનો બેલેસ્ટીકનો પરીક્ષણ અહેવાલ |
| ૧૨ | ૨૧૯ | ફરિયાદના આધારે ગુનો દાખલ કરવા માટે પો.સ્ટે. અમલદારને કરેલ લેખિત હુકમ |
| ૧૩ | ૨૨૦ | રવાનગી નોંધ |
| ૧૪ | ૨૨૧ | એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળી ગયા બદલની પહોંચ. |

બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.

**<u>ગુનો:</u> <u>ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૯ તથા આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧–બી)એ મુજબનો</u>.**

## <u>ચુકાદો</u>

(૧) આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૯ તથા આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧–બી)એ મુજબના શિક્ષાપાત્ર ગુના

અંગે આક્ષેપ છે.

(૧.૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદીએ સદર ગુનાની ફરિયાદ તારીખ ૦૫/૦૪/૨૦૦૮ ના રોજ આપેલ છે. આ કામના આરોપીઓએ અને નાસતા-ફરતા આરોપીઓએ તા.૦૪/૦૪/૨૦૦૮ ના રોજ કલાક ૨૪-૦૦ વાગ્યાના સુમારે મોજે નસારપુર ગામના પાટિયાથી આગળ ઝંખવાવ-નેત્રંગ રોડ ઉપર પોતાના કબજામાં માઉઝર પિસ્તોલ, એરગન, ચોપર (છરો), છરી જેવા ઘાતક હથિયારો સાથે સજ્જ થઈ મારૂતિવાન નં.જીજે-૦૬ બીએલ-૪૬૪૪ માં બેસી આવી, મારૂતિવાન રોડની સાઈડમાં ઉભી રાખી, રોડ ઉપર નાના-મોટા પથ્થરો મૂકી, આડશ કરી, રોડ ઉપર આવતા-જતા વાહનોની લૂંટ કરવા માટે રોકવાનો પ્રયત્ન કરી, ધાડ પાડવાની તૈયારી કરતા ઘાતક હથિયારો સાથે આ કામના આરોપીઓ પકડાઈ જઈ, આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૯ તથા આર્મ્સ એક્ટની કલમ-૨૫(૧-બી)એ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. જે ગુના બાબતે ફરિયાદીએ ફરિયાદ આપતા માંગરોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિ.નં.૨૮/૨૦૦૮ થી ગુનો નોંધવામાં આવેલ.

(૧.૨) ઉપરોક્ત ગુના અંગેની ફરિયાદ દાખલ થતાં, તપાસ એજન્સી દ્વારા જરૂરી અને યોગ્ય તપાસ કરી, આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૯ તથા આર્મ્સ એક્ટની કલમ-૨૫(૧-બી)એ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પુરાવો મળી આવતો હોય, આરોપીઓ વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગે વિ. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, માંગરોળ, જિ.સુરતનાઓની કોર્ટમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૭૩ અન્વયે ચાર્જશીટ દાખલ કરેલ. આરોપીઓ વિરુદ્ધના ગુનાની ઈન્સાફી કાર્યવાહી એકમાત્ર સેશન્સ કોર્ટમાં ચાલવાપાત્ર હોય, સુરતના

વિદ્વાન જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, માંગરોળ, જિ.સુરતનાઓ દ્વારા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરિયાદ પક્ષના આધારભૂત પુરાવાની નકલો આરોપીઓને વિનામૂલ્યે પૂરી પાડી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની અન્ય જોગવાઈઓ સંબંધે આરોપીઓના બચાવ અંગે ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે આ કેસ તારીખ ૨૧/૦૬/૨૦૦૮ ના રોજના હુકમથી સુરતના સત્ર ન્યાયાલયમાં કમિટ કરવામાં આવેલ. જેને સેશન્સ કેસ નંબર–૧૫૬/૨૦૦૮ થી નોંધવામાં આવેલ. ત્યાર બાદ મે.મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશ સાહેબ, સુરતના હુકમ અન્વયે આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા અત્રેની અદાલતમાં તબદિલ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીઓ નિયત ઠરાવ તારીખે અદાલત સમક્ષ હાજર થતાં આ પ્રકરણમાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈઓનું પાલન કરેલ હોવાની ખાતરી કરી, આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૯ તથા આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧–બી)એ મુજબના આક્ષેપિત ગુના અંગે આંક–૩૧ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આરોપીઓનું નિવેદન આ કામે અનુક્રમે આંક–૩૨ થી ૩૫ સુધીનું નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ તેમના વિરુદ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે અને તેમના વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

(૨.૧) આ કામે આરોપી નં.(૧) અફઝલ અબ્દુલ શેખ હાજર રહેતા ન હોય તેમની વિરૂદ્ધ નોન બેઈલેબલ વોરંટ કાઢવામાં આવેલ હતુ જે ૬ વર્ષ ઉપરાંતના સમયથી બજતું હોય, જેથી સદર આરોપી નં.(૧) સામે સી.આર.પી.સી. કલમ–૮૨ મુજબની કાર્યવાહી કરવાનો તેમજ અન્ય

આરોપીઓની ટ્રાયલ સી.આર.પી.સી. કલમ–૩૧૭ મુજબ સેપરેટ ચલાવવાનો હુકમ આંક–૧ લગત તારીખ ૨૭/૦૯/૨૦૨૩ ના રોજ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ કરેલ છે.

(૩) આરોપીઓ વિરુદ્ધ આંક–૩૧ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે ઉપર દર્શાવેલ **ફોર્મ–'સી'** માં જણાવ્યા મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે

(૪) ફરિયાદ પક્ષે આંક–૨૨૫ થી ક્લોઝીંગ પુરસીસ આપી પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીઓએ તેમના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષના કેસનો સદંતર ઈન્કાર કરેલ છે. બચાવમાં દસ્તાવેજી પુરાવા રજૂ કરવાનો ઈન્કાર કરેલ છે તેમજ બચાવમાં સાહેદો તપાસવાનો અને સોગંદ ઉપર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે.

આરોપી નં.૨ નાએ વિશેષમાં જણાવેલ છે કે, "અમો નિર્દોષ છીએ; સદર ગુનામાં ખોટી રીતે સંડોવી ખોટા ગુનામાં ફસાવી અમો ઉપર ખોટી ચાર્જશીટ કરી, ખોટા ગુનામાં સંડોવેલ હોય, અમોને નિર્દોષ ઠરાવી છોડવા આપ નામદાર કોર્ટને નમ્ર અરજ છે."

આરોપી નં.૩ નાએ વિશેષમાં જણાવેલ છે કે, "હમો નિર્દોષ છીએ; હમારી ઉપર ખોટી શંકાના આધારે ખોટો કેસ કરેલ છે; હમોને ચોડી મૂકવા અરજ છે."

આરોપી નં.૪ નાએ વિશેષમાં જણાવેલ છે કે, "અમો નિર્દોષ છીએ; અમારા ઉપર ખોટી હકીકતો ઉભી કરી, ખોટી ફરિયાદ કરી, ખોટું ચાર્જશીટ કરેલ છે."

(૫) આ કામે ફરિયાદ પક્ષે/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ પોતાની દલીલોમાં જણાવેલ છે કે, આ કામે આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૯ તથા આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧–બી)એ મુજબના ગુનાનું તહોમત આંક–૩૧ થી ફરમાવવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ સાહેદોની જુબાની અને ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાના આધારે આરોપીઓ વિરુદ્ધનું તહોમત પુરવાર થાય છે. ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ તેમણે કરેલ કાર્યવાહી તથા તપાસ મુજબની જુબાની આપેલ છે. આરોપીઓને પોલીસ દ્વારા હથિયાર સહિત અટક કરવામાં આવેલા છે અને તે સાબિત થયેલ છે. આરોપીઓ બનાવ વખતે તેમની પાસે રહેલા હથિયાર માટે કોઈ પાસ પરમીટ ન હોવાનું જણાવેલ હતુ અને ચાલુ ટ્રાયલે પણ આવી કોઈ પાસ પરમીટ રજુ કરેલ નથી. તપાસ કરનાર અધિકારીએ આરોપીઓ તથા મુદ્દામાલનો પંચનામાની રૂએ કબજો મેળવેલ અને આરોપીઓ વિરુદ્ધ પૂરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ કરેલ. પંચો ફરિયાદ પક્ષના કેસને સમર્થન ન કરતા હોવાથી પોલીસ સાહેદોની જુબાની ખોટી માની શકાય નહીં. ગુનાની તપાસ કરનાર અધિકારીશ્રીની જુબાનીથી અને ફરિયાદ પક્ષે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાના આધારે ફરિયાદ પક્ષે આરોપીઓ વિરુદ્ધનું તહોમત નિઃશંકપણે પુરવાર કરેલ છે. તેથી આરોપીઓને કાયદામાં નિયત કરેલ જોગવાઇઓ મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૯ તથા આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧–બી)એ મુજબના ગુના અન્વયે સખતમાં સખત સજા કરવી જોઇએ.

(૬) જયારે બચાવ પક્ષના વિ.વ.શ્રીઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ પરથી આરોપીઓ વિરુદ્ધના આક્ષેપિત ગુના નિઃશંકપણે પુરવાર થતા નથી.

આ કામે સાહેદ નં.૧, ૫, ૬, ૭, ૮ તરીકે જે પોલીસ સાહેદોનો પુરાવો રજૂ કરવામાં આવેલ છે, તે સંબંધે કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. ફરિયાદ પક્ષે સાહેદ નં.૨, ૩ અને ૪ તરીકે જે પંચ સાહેદોને તપાસેલ છે, તે તમામ વિમુખ જાહેર થયેલા છે. આથી ફરિયાદ પક્ષે આંક–૧૭૭ અને આંક–૧૮૬ ના પંચનામાઓની હકીકત પંચ સાહેદોના પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. સાહેદોની જુબાની મુજબ બનાવવાળા સ્થળે કોઈ આક્ષેપિત ગુનો બન્યો હોવાનું દર્શાવતા કોઈ સાહેદ તપાસેલા નથી. આરોપીઓને અટક કરવા ગયેલ પોલીસને રસ્તામાં કોઈએ રોકીને આક્ષેપિત બનાવ બન્યો હોય તેવી ફરિયાદ આપેલ નથી કે ત્યારબાદ પણ આક્ષેપિત કોઈ ફરિયાદ દાખલ થઈ હોય તેવો કેસ નથી કે તેવા કોઈ સાહેદને પ્રોસીક્યુશને તપાસેલા નથી. હાલના આરોપીઓ પાસેથી કોઈ મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ હોવાનું પુરવાર થતું નથી. જેથી આરોપીઓ વિરુદ્ધના આક્ષેપિત ગુના પુરવાર થયેલાનું માની શકાય નહીં. આ સંજોગોમાં ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોઈ, આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મૂકવા રજૂઆત કરેલ છે.

(૭) આ પ્રકરણમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ.વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, આ પ્રકરણના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ–

૧. શું ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ અને નાસતા–ફરતા આરોપીઓએ તા.૦૪/૦૪/૨૦૦૮ ના રોજ કલાક ૨૪–૦૦ વાગેના સુમારે મોજે નસારપુર ગામના પાટિયાથી આગળ ઝંખવાવ–નેત્રંગ રોડ ઉપર પોતાના કબજામાં માઉઝર પિસ્તોલ, એરગન, ચોપર (છરો), છરી

જેવા ઘાતક હથિયારો સાથે સજ્ઞ થઈ મારૂતિવાન નં.જીજે–૦૬ બીએલ–૪૬૪૪ માં બેસી આવી, મારૂતિવાન રોડની સાઈડમાં ઉભી રાખી, રોડ ઉપર નાના–મોટા પથ્થરો મૂકી, આડશ કરી, રોડ ઉપર આવતા–જતા વાહનોની લૂંટ કરવા માટે રોકવાનો પ્રયત્ન કરી, ધાડ પાડવાની તૈયારી કરતા ઘાતક હથિયારો સાથે આ કામના આરોપીઓ પકડાઈ જઈ, આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૯ તથા આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧–બી)એ મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

૨. શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓની કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ તેના નિર્ણયો નીચે મુજબ છેઃ–

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

–// <u>કારણો</u> //–

(૯) આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–૩૧ થી આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૯ તથા આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧–બી)એ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવેલું છે. જેનો આરોપીઓ તરફે ઈન્કાર કરતાં સદર કેસ ફરિયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલો. આ કામે ફરિયાદપક્ષનો પુરાવો તેમજ પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલાં નીચે મુજબની કાયદાકીય જોગવાઈઓને ધ્યાને લેવી જરૂરી હોય, જે નીચે મુજબ રજૂ કરવામાં આવે છે.

**399. Making preparation to commit dacoity.—**

Whoever makes any preparation for committing dacoity, shall be punished with rigorous imprisonment for a term which

may extend to ten years, and shall also be liable to fine.

**Arms Act Section- 25(1-B)A.-**

25. Punishment for certain offences

(1-B) Whoever-

(a) acquires, has in his possession or carries any firearm or ammunition in contravention of section 3; or

(b) --- xxx ---

(c) --- xxx ---

(d) --- xxx ---

(e) --- xxx ---

(f) --- xxx ---

(g) --- xxx ---

(h) --- xxx ---

(i) --- xxx ---

shall be punishable with imprisonment for a term which shall not be less than 1 [one year] but which may extend to three years and shall also be liable to fine;

Provided that the Court may for any adequate and special reasons to be recorded in the judgment impose a sentence of imprisonment for a term of less than 1 [one year].

***ફરિયાદ પક્ષના પુરાવોઃ-***

**મુદ્દા નં.૧:-**

**મુખ્ય સાહેદો/પોલીસ સાહેદોનો પુરાવોઃ-**

(૧૦) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧ તરીકે આંક-૫૭ થી ફરિયાદી-ASI પ્રકાશ રઘુનાથ પાટીલને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, તા.૦૪/૦૪/૨૦૦૮ ના રોજ તેઓ તથા એલ.સી.બી. પો.ઈ.શ્રી આર.બી. રબારી તથા હે.કો. નાના જયરામ વિગેરેનાઓ સાથે સરકારી તથા ખાનગી વાહનમાં લઈ, સુરત જિલ્લામાં માંડવી-માંગરોળ પો.સ્ટે. વિસ્તારમાં અપડત ગુનાની વોચ તથા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન માંગરોળ તાલુકાના ઝંખવાવ ગામ પાસે સરકારી દવાખાના નજીક સરકારી તથા ખાનગી વાહન સાથે પોલીસના માણસો સાથે ઉભા હતા તે દરમ્યાન એક મોટર સાઈકલ ચાલકે પો.ઈ. રબારી સાહેબને ઝંખવાવ-નેત્રંગ રોડ ઉપર, નસારપુર પાટીયા પાસે, ૬ થી ૭ જેટલાં ઈસમો એક સફેદ રંગની મારૂતિ વાન રોડની બાજુમાં ઉભી રાખી, સદર ઈસમો પાસે હાથમાં લાકડી, ફટકા તેમજ પત્થરો છે અને જે આવતા જતાં વાહનો રોકવા માટે પત્થરો વડે આડસ ઉભી કરી, ગુનો કરવાનાં હોવાનું જણાવેલ. સરકારી વાહન તથા ખાનગી વાહનનાં માણસોને પોલીસ ઈન્સ્પેકટર સાહેબે સૂચના અને માર્ગદર્શન આપી, ઝંખવાવથી નીકળી, નેત્રંગ રોડ ઉપર આવતા, ત્યાં આગળ ખાનગી વાહન ચાલતું જતું હતું, જે વાહનને નસારપુર પાટિયા પાસે, ઉપરોક્ત માહિતી મુજબના ઈસમોએ રોકી, લૂંટ કરવાનો પ્રયાસ કરતાં, તે દરમ્યાન પાછળ આવતી સરકારી વાહન જોઈ કેટલાંક ઈસમો નાસી ગયેલ, જે પૈકી ચાર ઈસમો પોલીસના હાથે ઝડપાઈ ગયેલ. જે ઝડપાયેલ ઈસમોની પંચો રૂબરૂ પૂછપરછ કરતાં, એકે પોતાનું નામ અફઝલ અબ્દુલ શેખ, રહે. ઉમરપાડા, તા. માંગરોળનો હોવાનું જણાવેલ અને તેની અંગઝડતી કરતા તેના કમરના ડાબા ભાગે એક ઈટાલિયન માઉઝર પિસ્ટોલ મળી આવેલ તેમજ બીજા ઈસમનું નામ પૂછતાં મુકેશભાઈ વસાવા હોવાનું જણાવેલ અને તેની પાસે એક એરગન મળી આવેલ તેમજ ત્રીજા ઈસમનું નામ પૂછતાં

ભુપતભાઈ વસાવા હોવાનું જણાવેલ અને તેની પાસેથી અંગઝડતી દરમ્યાન એક કપડામાં લપેટેલ ચોપર મળી આવેલ તેમજ ચોથા ઈસમનું નામ પૂછતાં પ્રભાત હોવાનું જણાવેલ અને તેની પાસેથી એક છરી મળી આવેલી. પકડાયેલ ચારેય ઈસમોને નાસી જનાર ઈસમો બાબતે પૂછતાં, કૌશિક તથા તેનાં બીજા મિત્રો હોવાનું જણાવેલું, તેઓ તમામ ઈસમોને સાથે રાખી, તેમની પાસેની મારૂતિ કાર નં.જી.જે.–૬–૪૬૪૪ ની ઝડતી કરતાં, તેમાંથી લોખંડનો રોબ, વિગેરે બીજા હથિયારો વાહનમાંથી મળી આવેલાં. તમામ આરોપીઓની અંગઝડતી દરમ્યાન રોકડ અલગ–અલગ રકમ પણ મળી આવેલ, જે તમામ ઈસમોની પંચો રૂબરૂ પોલીસ ઈન્સ્પેકટર સાહેબે પંચનામું કરી, વાહન સાથે અટકમાં લીધેલ, જે બનાવ અંગે તેમણે આઈ.પી.સી. કલમ–૩૯૯ મુજબ ફરિયાદ આપેલ, જે આંક–૫૮ થી રજૂ છે. આરોપીઓને ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદે મુદ્દામાલ આર્ટિકલ નં.૧ વાળી પિસ્તોલ જોઈને જણાવેલ છે કે, તે આરોપી અફઝલ પાસેથી કબજે કરેલી તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ આરોપી–અફઝલની અંગજડતીમાંથી રૂા.૩૫૦/– તેમજ આરોપી–મુકેશ વસાવાની અંગજડતીમાંથી રૂા.૨૨૫/– તેમજ આરોપી–ભૂપતભાઈની અંગજડતીમાંથી રૂા.૧૫૦/– તેમજ આરોપી–પ્રભાતભાઈની અંગજડતીમાંથી રૂા.૧૦૦/– મળી આવેલ. વધુમાં સદર સાહેદે મુદ્દામાલ આર્ટિકલ નં.૨ થી રજૂ રોકડ રૂા.૩૫૦/– કે જે રૂા.૧૦૦/– ના દરની ત્રણ નોટો તથા રૂા.૫૦/– ના દરની એક નોટ છે, તે આરોપી–અફઝલની અંગજડતીમાંથી કબજે કરવામાં આવેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ આર્ટિકલ નં.૩ થી રજૂ એર ગન જોઈને જણાવેલ છે કે, તે આરોપી–મુકેશ પાસેથી કબજે કરવામાં આવેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ આર્ટિકલ નં.૪ થી રજૂ આરોપી મુકેશની અંગજડતીમાંથી મળી આવેલ રૂા.૨૫૦/– કબજે કરેલ તે રૂા.૧૦૦/– ના દરની બે નોટો તથા રૂા.૧૦/– ના દરની બે નોટો તથા રૂા.૫/– ના દરની એક નોટ કબજે કરવામાં આવેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ આર્ટિકલ નં.૫ થી રજૂ ચોપર જોઈને જણાવેલ છે

કે, તે આરોપી–ભૂપતની અંગજડતીમાંથી મળી આવેલ તે કબજે કરવામાં આવેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ આર્ટિકલ નં.૬ થી રજૂ આરોપી ભૂપતની અંગજડતીમાંથી મળી આવેલ રૂ.૧૫૦/– કબજે કરેલ તે રૂ.૧૦૦/– ના દરની એક નોટ તથા રૂ.૫૦/– ના દરની એક નોટ કબજે કરવામાં આવેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ આર્ટિકલ નં.૭ થી રજૂ છરી જોઈને જણાવેલ છે કે, તે આરોપી–પ્રભાતની અંગજડતીમાંથી મળી આવેલ તે કબજે કરવામાં આવેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ આર્ટિકલ નં.૮ થી રજૂ આરોપી પ્રભાતની અંગજડતીમાંથી મળી આવેલ રૂ.૧૦૦/– કબજે કરેલ તે રૂ.૧૦૦/– ના દરની એક નોટ કબજે કરવામાં આવેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ વધુમાં જણાવેલ છે કે, સદર કામે મારૂતિવાન પણ કબજે કરવામાં આવેલ, જે મારૂતિવાનમાંથી મુદ્દામાલ આર્ટિકલ નં.૧૦ થી રજૂ છરો તેમજ મુદ્દામાલ આર્ટિકલ નં.૧૧ થી રજૂ લોખંડનો ગણેશિયો તેમની રૂબરૂમાં કબજે કરવામાં આવેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની આરોપી નં.૩ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ તે વખતે સુરત એલસીબી પો.સ્ટે.માં નોકરી કરતા હતા. તેઓ બંદોબસ્તમાં ન હતા પરંતુ ક્રાઇમ પેટ્રોલીંગમાં હતા. તેઓએ તેમની કામગીરી માટે ડાયરી રાખવી પડે છે. જે તે વખતે ક્રાઇમ પેટ્રોલીંગમાં કરેલી તેની નોંધ ડાયરીમાં કરેલ છે. તેમણે તેમની ડાયરીની નકલ ત.ક.અ.સમક્ષ રજૂ કરેલ નથી. ડ્રાઈવર હોય તેણે લોગબુક રાખવી પડે. ડ્રાઈવર કોણ હતું? તેનું નામ હાલ તેમને યાદ નથી. તે ડ્રાઈવરે ત.ક.અ. સમક્ષ લોગબુક રજૂ કરેલ છે કે કેમ? તેની તેમને ખબર નથી. તે સમયે તેઓ ક્રાઇમ પેટ્રોલીંગમાં હતા તે બતાવતો કોઇ લેખિત પુરાવો હાલમાં તેમની પાસે નથી. ઝંખવાવ પાસે તેઓ વોચમાં ઉભા હતા. તેઓ અડધો પોણો કલાકથી વોચમાં ઉભા હતા. આ ઝંખવાવ પાસે ત્રણ રસ્તા હતા અને ઘણા લોકોની ટ્રાફિકની અવરજવર રહેતી હતી. અડધો પોણો કલાક

જેટલા સમયમાં ઘણા બધા લોકો પસાર થયેલા હતા. તે વખતે તેમની પાસે જે વાહનો હતા તે વાહનોના નંબર હાલ તેમને ખબર નથી. એક ખાનગી વાહન અને એક સરકારી વાહન હતા. આ સિવાય બીજા કોઇ વાહન ન હતા. ખાનગી વાહનમાં ખાનગી માણસો ન હતા. ખાનગી વાહન તેમના પો.ઇ. લાવેલા અને તે ખાનગી વાહન કોનું હતું તેની તેમને ખબર નથી. તેઓ ઝંખવાવથી નસારપુર પાટીયા ગયેલા ત્યારે પોલીસ સાથે તેમની સાથે બીજા બે પંચના માણસો હતા. આ બે પંચના માણસોના નામ તેમને હાલ ખબર નથી. પંચના માણસો લઇને નીકળેલા તે સમયે નીકળતા પહેલા કોઇ પંચનામું કરેલ નથી. પંચના માણસો નસારપુર પાટિયાથી લીધેલ હોય તેવું બનેલ નથી. પંચના માણસો ઝંખવાવથી લીધા હોય તેવી નોંધ પંચનામામાં કરેલ નથી. નસારપુર પાટિયાથી પંચના માણસ લીધા હોય તેવી નોંધ પંચનામામાં કરેલી. મોટર સાયકલ લઇને જે વ્યક્તિ આવેલ તે વ્યક્તિના નામની તેમને ખબર નથી. મોટર સાઈકલવાળી વ્યકિત નસારપુર પાટિયાથી પસાર થઇને આવેલ હતી. આ મો.સા.વાળી વ્યકિતની કોઇ ફરિયાદ તેમજ સ્ટેટમેન્ટ લેવામાં આવેલ નથી. આ મો.સા.વાળી વ્યકિતને તેઓ સાથે લઇને પણ ગયેલ નથી. મો.સા.વાળી વ્યક્તિ સાથે કંઇ બનેલ ન હોય તેની ફરિયાદ અને તેનું સ્ટેટમેન્ટ લીધેલ નથી. મો.સા.વાળી વ્યકિતએ તેઓને જાણ કરેલી તે બાબતે તેઓએ તેનું નામ કે સરનામું મેળવેલ નથી. ઝંખવાવથી નસારપુર પાટિયા પંદરથી વીસ મિનિટનું અંતર છે. ઝંખવાવથી નસારપુર પાટિયાનું અંતર ૧૦ કિલોમીટર છે. આ ૧૦ કિ.મી.ના અંતર સમયે તેમના બે વાહનો જતા હતા ત્યારે સામેથી બીજા વાહનો આવતા હતા. તેમની સામેથી આવતા બીજા વાહનોને તેઓએ અટકાવીને તેઓની સાથે કોઇ બનાવ બનેલ છે કે કેમ? તેવી કોઇ પૂછપરછ કરેલ નથી. ખાનગી ગાડીમાં પીઆઇ સાહેબ તથા બીજા ચાર પોલીસના માણસો હતા. તેઓ જયારે પસાર થતા હતા ત્યારે બીજી ગાડીઓ પસાર થતી હતી કે કેમ? તેની

ચોક્કસ તેમને ખબર નથી. તેઓ નસારપુર પાટિયા પહોંચ્યા ત્યારે અગાઉ કોઇ ગાડીઓ ન હતી. અગાઉ કોઇ ગાડીઓ  હોય અને તેની સાથે બનાવ બનેલ હોય તેવું બનેલ નથી. તેઓ ખાનગી વાહનમાં હતા. તેમની ગાડી પહેલી હતી. તેમની ગાડી સાથે લૂંટનો કોઇ બનાવ બનેલ નથી. તેમની ગાડી સાથે લૂંટનો કોઇ બનાવ બનેલ હોય તેવું તેમણે તેમની ફરિયાદમાં જણાવેલ નથી. આ ફરિયાદ સિવાય ગાડી રોકવાનો અને લૂંટનો બનાવ બનેલ હોય તેની અલગ કોઇ ફરિયાદ તેઓએ કરેલ નથી. બીજી ગાડી તેમની ગાડીથી ૨૦૦ થી ૩૦૦ મીટર પાછળ હતી. પહેલી ગાડી પહોંચી તરત જ ગાડીમાં બેસેલા માણસો નીચે ઉતરેલા. તેઓ ગાડીની નીચે ઉતરેલા અને ત્યારબાદ ત્યાં જે માણસો હતા તે ભાગવા માંડેલા અને તે માણસોને પકડવા માટે તેમના માણસો દોડેલા. તેમની પાછળ જે બીજી ગાડીવાળાએ તેમની ગાડી અને તેઓની સાથે શું થયેલું તે જોયેલ નથી. તેઓની ગાડીમાંથી કોણ, કોની પાછળ દોડેલું તે તેઓ કહી શકે નહીં. પંચનામું તેમની ગાડીના સર્ચલાઇટના અજવાળામાં કરેલું. બનાવવાળી જગ્યાએ તે સમયે અંધારું હતુ. અંધારુ હોય અને એ લોકો દોડતા હોય તો તેમની પીઠ દેખાય બીજું કંઇ દેખાય નહીં. નસારપુર પાટિયા પાસે બસો ઉભી રહે છે. નસારપુર પાટિયા પાસે બસો રાત્રે અગિયાર વાગ્યા સુધી ચાલતી હોય છે કે કેમ? તે તેઓ કહી શકે નહીં. કદાચ સાડા નવ-દસ વાગે બસો ચાલુ પણ હોય. બસો માટે આ નસારપુર પાટિયા પાસે માણસો હોઇ શકે. નસારપુર પાટિયા પાસે રાતે લોકો બેસીને ગપાટા મારતા હોય છે કે કેમ? તે તેઓ કહી શકે નહીં. કઇ વ્યકિતને કોણ પકડીને લાવ્યું તે તેઓ કહી શકે નહીં. કેટલે દૂરથી પકડી લાવેલા તે પણ તેઓ કહી શકે નહીં. તેઓ ત્યાં પહોંચ્યા તે પહેલાંનો બનાવ તેમણે જોયેલ નથી. આ જગ્યાએ તે પહેલાં કોઇને અટકાવ્યા હોય અને લૂંટ થઇ હોય તેવી કોઇ ફરિયાદ નસારપુર પાસેની તેમના પોલીસ સ્ટેશનમાં થયેલ નથી. અગાઉના બનાવમાં કોઇ વ્યકિત પકડાયેલી હોય તેને તેમણે જોયેલી

નથી. આ પકડાયેલ વ્યક્તિની ઝડતી કોણે કરેલી તે હાલ તેઓ કહી શકે નહીં. ઝડતી દરમ્યાન કોઇ પબ્લિક ભેગી થયેલી નહીં. ઝડતીનું કામ તેમણે કરેલ નથી. જે ગાડી હતી તેમાંથી કોઇ પૈસા મળેલા નથી કે કોઇ લૂંટેલી વસ્તુ પણ મળેલી નથી. જે વ્યક્તિઓને પકડેલા તેમના ખિસ્સામાં ૧૦૦ અને ૨૦૦ રૂપિયાની મામુલી રકમ મળેલી. આ પકડાયેલ વ્યક્તિઓએ કોઇને પૈસા આપી દીધેલા હોય તેવી પણ કોઇ માહિતી મળેલ નથી. પકડાયેલ વ્યકિતઓએ કોઇને લૂંટેલ હોય તો તેમની પાસેથી માલ મળી આવવો જોઇએ.

સદર સાહેદની આરોપી નં.૩ તરફેના વિ.વ.શ્રી દ્વારા જે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તે ઊલટ તપાસ આરોપી નં.૨ અને ૪ તરફેના વિ.વ.શ્રીએ એડોપ્ટ કરેલ છે.

(૧૧) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૫ તરીકે આંક-૧૯૨ થી પોલીસ સાહેદ-નિવૃત્ત PSI અનિલભાઈ તુલશીરામ બાવીસ્કરને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, સને ૨૦૦૮ માં તેઓ અ.હે.કો. તરીકે એલ.સી.બી. પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા તે વખતે તા.૪/૪/૨૦૦૮ ના રોજ તે વખતે પો.ઇ.આર.વી.રબારી સાથે તેઓ તથા રિઝર્વ પો.સ.ઇ. વાય.આર.સીંધી તથા હે.કો.પ્રકાશ રઘુનાથ તથા એ.એસ.આઇ. રાજેન્દ્ર ઠાકુર તથા હે.કો. નાનાભાઇ જયરામભાઇ, હે.કો.પ્રકાશ વિશ્વાસ, પો.કો.પ્રવિણ અર્જુનભાઇ, કીરણસીંહ લક્ષ્મણસીંહ, ગણપત રૂપસીંહ, વિજય જગદીશ, ડ્રાઇવર ખાતુભાઇ જીવાભાઇ તથા બીજા ડ્રાઇવર અમરત પ્રભુ અને અલ્પેશ પ્રેમાભાઇ તથા અન્ય સ્ટાફના માણસો સાથે સરકારી તથા ખાનગી વાહનોમાં માંડવી તથા માંગરોળ પો.સ્ટે.ના વિસ્તારમાં રોડ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ઝંખવાવ પાસે સરકારી તથા ખાનગી વાહનો થોભાવી સાહેદ સાથે ઉભા હતા દરમ્યાન એક મો.સા. ચાલકે આવી રબારી સાહેબને તથા

પ્રકાશ રઘુનાથને જણાવેલ કે, નેત્રંગ ત્રણ રસ્તા પાસે નસારપુર પાટીયા આગળ એક સફેદ કલરની મારૂતિવાન ઉભેલ છે, તેની બાજુમાં છ થી સાત ઈસમો હાથમાં લાકડી તથા પથ્થરો લઈ ઉભા છે અને આવતા-જતા વાહનોને રોકવાનો પ્રયત્ન કરે છે તેમજ રોડ ઉપર પથ્થરોની આડશ ઉભી કરેલ છે. બાતમી હકીકત મળતાં સરકારી તથા ખાનગી વાહનોમાં બેસી પોલીસના માણસો સાથે નસારપુર પાટીયા પાસે સદર ઈસમે જણાવેલ જગ્યાએ મારૂતિવાન તથા છ થી સાત જેટલા ઈસમો ઉભેલા હોય તેઓની પાસે જતા સરકારી વાહન જોઈ સદર ઈસમો ભાગવા જતા તે પૈકીના ચાર ઈસમોને સ્થળ પર પકડી પાડેલ, બાકીના ઈસમો અંધારાનો લાભ લઈ ભાગી ગયેલ. નજીકમાંથી પંચોના માણસો બોલાવી પકડાયેલ ઈસમના નામ પૂછતા પ્રથમ ઈસમે પોતાનું નામ અફઝલ અબ્દુલ શેખ હોવાનું જણાવેલ, જેની અંગઝડતી કરતા તેના પેન્ટના ખિસ્સામાંથી એક માઉઝર પિસ્તોલ મળી આવેલી, તે માઉઝર પિસ્તોલના બેરલ તથા નાળચા ઉપર મેડ ઈન ઇટાલી લખેલ હતું અને મેગેઝીન ખાલી હતુ, તેની અંગઝડતીમાંથી રોકડા રૂા.૩૫૦/- મળેલ તેમજ બીજા ઈસમનું નામ પૂછતા તેનું નામ મુકેશ લક્ષ્મણ વસાવા હોવાનું જણાવેલું, તેની પાસેથી એક લોખંડની એરગન મળી આવેલી અને રોકડા રૂા.૨૨૫/- મળી આવેલા. ત્રીજા ઈસમનું નામ પૂછતા તેનું નામ ભુપત ગણપત વસાવા હોવાનું જણાવેલું, તેની પાસેથી એક ચોપર મળી આવેલ તથા રોકડા રૂા.૧૫૦/- મળી આવેલા. ચોથા ઈસમનું નામ પ્રભાતસીંહ ગીમીયાભાઈ વસાવા હોવાનું જણાવેલ, તેની પાસેથી એક છરી મળી આવેલી અને રોકડા રૂા.૧૦૦/- મળી આવેલા તથા સ્થળ ઉપરથી એક મારૂતિવાન જીજે.૬.ડીએલ.૪૬૪૪ મળી આવેલ, જે ચેક કરતાં સીટના પાછળના ભાગેથી એક છરો તથા એક ગણેશીયું મળી આવેલ. ઉપરોકત તમામ મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરેલો અને રબારી સાહેબે રેડીગપાર્ટીના સભ્ય તરીકે તેમનું નિવેદન લીધેલું. વધુમાં સદર સાહેદે

મુ.આ.નં.૧ કે જે એક માઉઝર પીસ્તોલ છે, જેની ઉપર અંગ્રેજીમાં મેડ ઇન ઇટાલી લખેલ છે, તે જોઇને આ ગન રેડ દરમ્યાન આરોપી અફઝલ પાસેથી મળી આવેલી તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ મુ.આ.નં.૩ કે જે એક લોખંડની એરગન છે, જે જોઇને આ એરગન રેડ દરમ્યાન આરોપી મુકેશ વસાવા પાસેથી મળેલી તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ મુ.આ.નં.પ કે જે એક સ્ટીલનું ચોપર છે તે જોઇને આ ચોપર આરોપી ભુપત વસાવા પાસેથી રેડ દરમ્યાન મળી આવેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ મુ.આ.નં.૭ કે જે છરી છે, તે જોઇને આ છરી આરોપી પ્રભાતસીંહ વસાવા પાસેથી રેડ દરમ્યાન મળેલી તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ મુ.આ.નં.૧૦ કે જે એક લોખંડનો છરો છે, જે રેડ દરમ્યાન મારૂતિવાનમાંથી મળેલો તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ મુ.આ.નં.૧૧ કે જે લોખંડનું ગણેશીયુ છે, જે જોઇને આ ગણેશીયુ રેડ દરમ્યાન મારૂતિવાનમાંથી મળેલો તે જ હોવાનું ઓળખી બતાવેલ છે, આરોપીઓને ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની આરોપી નં.૩ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે સમયે તેઓ સુરત એલસીબીમાં ફરજ બજાવતા હતા. ઝંખવાવ મુકામે તેઓ ક્રાઇમ પેટ્રોલીંગમાં હતા. તેમને ખબર નથી કે, એ બાબતે તેઓએ સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કરેલી હતી કે કેમ. તેઓ પેટ્રોલીંગમાં હોય છે ત્યારે ડાયરી રાખવાની હોય છે. તેઓ પેટ્રોલીંગમાં હતા તે દર્શાવવા માટે તેમણે ડાયરીની કોઇ નકલ આ કામના ત.ક.અ.સમક્ષ રજૂ કરી નથી. ઝંખવાવ મુકામે તેઓ આશરે અડધોએક કલાક જેટલો રોકાયેલા હતા. જે મો.સા.વાળા તેમની પાસે આવ્યા તે નસારપુર પાટીયા થઇને આવેલા હતા. તેણે તેમની સમક્ષ કોઇ ફરિયાદ કરેલી નહીં. તેઓએ એનું નામ કે સરનામું લીધું નથી. આ જે વ્યકિત આવેલી તેને તેઓ સાથે નસારપુર પાટીયે લઇ ગયા નથી. તેઓ નસારપુર પાટીયે ગયા ત્યારે ઝંખવાવથી

કોઈ પંચોને લીધેલા નથી. આ મો.સા.વાળો જે તેમની પાસે આવેલો ત્યારથી કોઈ પંચનામું તેઓએ કરેલું નહીં તથા મોટર સાયકલવાળાનું કોઈ સ્ટેટમેન્ટ પણ લીધેલું નથી. ઝંખવાવથી નસારપુર પાટિયા આશરે દશ-પંદર કિલોમીટર દૂર છે. ઝંખવાવથી નેત્રંગનો જે રસ્તો છે, તેના પર આ નસારપુર પાટિયા આવેલ છે. આ રસ્તો સ્ટેટ હાઈવે છે. ઝંખવાવથી નસારપુર પાટિયા જતા આશરે અડધો કલાક નહીં પરંતુ પંદરેક મિનિટ જેટલો સમય થાય. તે લોકો ત્રણ વાહનમાં ઝંખવાવથી નસારપુર પાટિયે ગયેલા. આ ત્રણ વાહનો પૈકી બે સરકારી વાહનો હતા અને એક ખાનગી વાહન હતું. તે લોકો સરકારી વાહનમાં બેઠેલા. ખાનગી વાહનમાં ખાનગી લોકો હતા નહીં. આ ત્રણ વાહનોનો કોઈ રજીસ્ટ્રેશન નંબર તેઓ કહી શકે નહીં. આ વાહનો રસ્તે આગળ-પાછળ થયેલા. કોઈ વાહન નસારપુર પાટિયે પહેલું પહોંચ્યું અને કોઈ વાહન પછી પહોંચેલું. તેઓ ઝંખવાવથી નસારપુર પાટિયે ગયા ત્યારે રસ્તામાં સામેથી વાહનો આવતા હતા. તેઓએ રસ્તામાં આ પૈકીના કોઈ વાહનોને રોકેલા નહીં અને એવું કંઈ પૂછ્યું નથી કે, તેમની સાથે નસારપુર પાટિયે કંઈ લૂંટ જેવું થયું છે ખરું. સામેથી બાઈકો પણ આવતા હતા. એવું બન્યું નથી કે, ખરેખર ત્રણ નહીં પરંતુ બે વાહનોમાં જ તેઓ ગયા હોઈ. ખાનગી વાહન નસારપુર પાટિયે પહેલું પહોંચેલુ પછી પાંચ-દસ મિનિટમાં બીજા વાહનો પહોંચેલા. તેઓ ખાનગી વાહનમાં હતા નહીં એટલે ખાનગી વાહન સાથે શું થયું તે તેમને ખબર નથી. આ ખાનગી વાહનમાં પણ પોલીસવાળા બેઠા હતા. આ ખાનગી વાહનમાં કોણ કોણ પોલીસવાળા હતા તે તેઓ કહી શકે નહીં. મારૂતીવાન જે ઉભેલી હતી તે નસારપુર પાટિયા પર જ ઉભેલી હતી. આ નસારપુર પાટિયા પર બસ સ્ટેન્ડ આવેલું છે. આ બસ સ્ટેન્ડ પર બસની રાહ જોનાર માણસો ઉભા રહે છે. આ બસ સ્ટેન્ડની પાસે ઓટલા જેવી બેસવાની જગ્યા આવેલી છે. રાત્રે એ જગ્યા ઉપર માણસો બેસતા હોય છે. તેમણે પંચનામામાં સહી કરી નથી. પંચનામામાં શું લખાયું તેના તેઓ

સાક્ષી નથી. પહેલી ખાનગી વાહનમાંથી તરત જ પોલીસવાળા બહાર નીકળેલા અને એમની કાર્યવાહી ચાલુ કરી દીધેલી. તેમના પાછલા વાહનો જ્યારે આવ્યા ત્યારે ખાનગી વાહનમાંના બધા પોલીસવાળા બહાર હતા અને તેઓ આરોપીને શોધવા માટે ભાગદોડ કરતા હતા. તેમનું વાહન જ્યાં સુધી આવ્યું નહીં ત્યાં સુધી તેમણે કોઇને પકડેલા હતા જ નહીં. એવું બન્યું નથી કે, પહેલા વાહનમાંથી પોલીસવાળાઓ ઉતર્યા હોય તેમણે આરોપીને પકડી લીધા હોય. પહેલું વાહન જયારે પહોંચ્યું ત્યારે આરોપીઓ ભાગ્યા હશે. પાંચ–દસ મિનિટમાં આરોપીઓ ઘણે દૂર પહોંચી જાય. જે પકડાયેલા હતા તે ઇસમો પાસેથી માંડ સો–દોઢસો રૂપિયા દરેક પાસેથી મળેલા હતા તેવું તેમને પી.આઇ.સાહેબ તરફથી ખબર પડેલી.

સદર સાહેદની આરોપી નં.૩ તરફેના વિ.વ.શ્રી દ્વારા જે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તે ઊલટ તપાસ આરોપી નં.૨ અને ૪ તરફેના વિ.વ.શ્રીએ એડોપ્ટ કરેલ છે.

(૧૨) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૬ તરીકે આંક–૨૦૫ થી પોલીસ સાહેદ–રિઝર્વ PSI યાસીન મોહમદ ઈબ્રાહીમભાઈ સિંધિને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, સને ૨૦૦૮ માં તેઓ રીઝર્વ પો.સ.ઈ. તરીકે સુરત રૂરલ હેડક્વાર્ટર ખાતે ફરજ બજાવતા હતા અને છેલ્લા એક અઠવાડીયાથી ઘલુડી હેડ ક્વાર્ટર ખાતે તેમની ફરજ હતી. તા.૦૪/૦૪/૨૦૦૮ ના રોજ તેમને પો.ઈ. એલ.સી.બી. તરફથી હેડ ક્વાર્ટરના પોલીસ માણસો સાથે આવવા માટે વર્દી મળતા તેઓએ તા.૦૫/૦૪/૨૦૦૮ ના રોજ પો.સ.ઈ એલ.સી.બી. નાઓને આવવા માટે રિપોર્ટ કરતા તેઓ તથા એલ.સી.બી.ના હે.કો. પ્રકાશ રઘુનાથ, નાનાભાઈ જયરામ, રાજેન્દ્ર ઠાકોરભાઈ, અનિલ તુલસીરામ, પ્રકાશ વિશ્વાસરાવ, પ્રવિણ અર્જુન, કેશુર મોહન વગેરે અન્ય સ્ટાફના માણસો સાથે સરકારી તથા ખાનગી વાહનોમાં માંડવી તથા

માંગરોળ પો.સ્ટે.ના વિસ્તારમાં પેટ્રોલીંગમાં રવાના થયેલા તે દરમ્યાન જ્યારે તેઓ ઝંખવાવ નજીક પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એક મોટર સાઈકલ વાહન ચાલકે પો.ઈ. એલ.સી.બી. તથા પ્રકાશ રઘુનાથ પાટીલને જણાવેલ કે, નસારપુર ગામનાં પાટિયાની આગળ એક મારૂતિ વાહન સાથે છ-સાત માણસો રસ્તા વચ્ચે પત્થર રાખી આવતા-જતાં વાહનોને રોકવાનો પ્રયત્ન કરે છે અને તેઓની પાસે લાકડી, પાઈપ વગેરે હથિયારો છે. સદર બાતમી હકીકત મળતાં તેઓ સરકારી તથા ખાનગી વાહનમાં બેસી સાથેના પોલીસ માણસો સાથે નસારપુર પાટીયાં પાસે ગયેલા. સદર ઈસમે જણાવેલ જગ્યાએ મારૂતિ વાહન તથા છ-સાત ઈસમો ઉભેલા હોય તેમની પાસે જતાં ગાડી રોકવાનો પ્રયત્ન કરતાં પાછળથી સરકારી વાહન જોઈ સદર ઈસમો ભાગવા જતા તેઓ વાહનમાંથી ઉતરી તેમનાં ચાર ઈસમોને સ્થળ પર પકડેલાં અને બાકીના ઈસમો અંધારાનો લાભ લઈ ભાગી ગયેલા. નજીકમાંથી પંચોના માણસો બોલાવી પકડાયેલ ઈસમને નામ પૂછતાં પ્રથમે અફઝલ નામ જણાવેલું, તેની ઝડતી કરતાં તેની પાસેથી એક માઉઝર પિસ્તલ મળેલી અને તેની પાસેથી આશરે રોકડાં રૂપિયા ૩૫૦/- જેવા મળેલા. બીજા ઈસમે પોતાનું નામ મુકેશ હોવાનું જણાવેલું, તેની અંગ ઝડતી કરતા તેની પાસેથી એર ગન મળી આવેલી અને તેની અંગજડતીમાંથી રોકડા રૂપિયા મળેલા જે હાલ યાદ નથી. ત્રીજા ઈસમનું નામ પૂછતા તેણે પોતાનું નામ ભુપતભાઈ વસાવા હોવાનું જણાવેલું, તેની પાસેથી એક ચોપર(ખંજર) મળી આવેલ તથા ચોથા ઈસમનું નામ પૂછતાં તેણે પોતાનું નામ પ્રભાત હોવાનું જણાવેલું તેની અંગજડતી કરતા તેની પાસેથી એક છરી મળી આવેલી અને તેની પાસેથી રોકડાં રૂપિયા ૧૦૦/- મળી આવેલાં. સ્થળ પરથી મારૂતિ વાન કે જેનો નં.જીજે-૬ બીએલ-૪૬૪૪ નો હતો અને તેમાંથી લોખંડનો છરો, ગણેશિયું મળેલા, તેમની પૂછપરછ કરતાં બાકીના ત્રણ ઈસમોના નામ ગણેશ, વિષ્ણું અને કૌશિક હોવાનું જણાવેલું, પકડાયેલ ઈસમો અને

મુદ્દામાલ પંચનામાંની વિગતે કબજે કરેલા અને ઉપરોક્ત કાર્યવાહી સંબંધે એલ.સી.બી. પી.આઈ.નાઓએ તેમનું નિવેદન લીધેલું. વધુમાં સદર સાહેદે મુ.આ.નં.૧ કે જે એક માઉઝર પીસ્તોલ છે, જેની ઉપર અંગ્રેજીમાં મેડ ઈન ઇટાલી લખેલ છે, તે જોઇને આ ગન રેડ દરમ્યાન આરોપી અફઝલ પાસેથી મળી આવેલી તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ મુ.આ.નં.૩ કે જે એક લોખંડની એરગન છે, જે જોઈને આ એરગન રેડ દરમ્યાન આરોપી મુકેશ વસાવા પાસેથી મળેલી તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ મુ.આ.નં.૫ કે જે એક સ્ટીલનું ચોપર છે તે જોઈને આ ચોપર આરોપી ભુપત વસાવા પાસેથી રેડ દરમ્યાન મળી આવેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ મુ.આ.નં.૭ કે જે છરી છે, તે જોઇને આ છરી આરોપી પ્રભાતસીંહ વસાવા પાસેથી રેડ દરમ્યાન મળેલી તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ મુ.આ.નં.૧૦ કે જે એક લોખંડનો છરો છે, જે રેડ દરમ્યાન મારૂતિવાનમાંથી મળેલો તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ મુ.આ.નં.૧૧ કે જે લોખંડનું ગણેશીયુ છે, જે જોઇને આ ગણેશીયુ રેડ દરમ્યાન મારૂતિવાનમાંથી મળેલો તે જ હોવાનું ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની આરોપી નં.૩ તરફેના વિ.વ.શ્રી દ્ધારા ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે સમયે તેઓ સુરત હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતા હતા. ઝંખવાવ મુકામે તેઓ ક્રાઇમ પેટ્રોલીંગમાં હતા. તેમને ખબર નથી કે, એ બાબતે તેઓએ સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કરેલી હતી કે કેમ. તેઓ પેટ્રોલીંગમાં હોય છે ત્યારે ડાયરી રાખવાની હોય છે. તેઓ પેટ્રોલીંગમાં હતા તે દર્શાવવા માટે તેમણે ડાયરીની કોઇ નકલ આ કામના ત.ક.અ. સમક્ષ રજૂ કરી નથી. ઝંખવાવ મુકામે તેઓ આશરે અડધોએક કલાક જેટલો રોકાયેલા હતા. જે મો.સા. વાળા તેમની પાસે આવ્યા તે નસારપુર પાટિયા થઇને આવેલા હતા. તેણે તેમની સમક્ષ કોઇ ફરિયાદ કરેલી નહીં. તેઓએ તેનું નામ કે સરનામું લીધુ

નથી. આ જે વ્યક્તિ આવેલી તેને તેઓ સાથે નસારપુર પાટિયે લઇ ગયા નથી. તેઓ નસારપુર પાટિયે ગયા ત્યારે ઝંખવાવથી કોઇ પંચોને લીધેલા નથી. આ મો.સા.વાળો જે તેમની પાસે આવેલો ત્યારથી કોઇ પંચનામું તેઓએ કરેલું નહીં તથા મોટર સાયકલવાળાનું કોઇ સ્ટેટમેન્ટ પણ લીધેલું નથી. ઝંખવાવથી નસારપુર પાટિયા આશરે દસ–પંદર કિલોમીટર દૂર છે. ઝંખવાવથી નેત્રંગનો જે રસ્તો છે તેના પર આ નસારપુર પાટિયા આવેલ છે. આ રસ્તો સ્ટેટ હાઇવે છે. ઝંખવાવથી નસારપુર પાટીયા જતા આશરે અડધો કલાક નહીં પરંતુ પંદરેક મિનિટ જેટલો સમય થાય. તે લોકો ત્રણ વાહનમાં ઝંખવાવથી નસારપુર પાટિયે ગયેલા. આ ત્રણ વાહનો પૈકી બે સરકારી વાહનો હતા અને એક ખાનગી વાહન હતું. તે લોકો સરકારી વાહનમાં બેઠેલા. ખાનગી વાહનમાં ખાનગી લોકો હતા નહીં. આ ત્રણ વાહનોનો કોઇ રજીસ્ટ્રેશન નંબર તેઓ કહી શકે નહીં. આ વાહનો રસ્તે આગળ–પાછળ થયેલા. કોઇ વાહન નસારપુર પાટિયે પહેલું પહોંચ્યું અને કોઇ વાહન પછી પહોંચેલું. તેઓ ઝંખવાવથી નસારપુર પાટિયે ગયા ત્યારે રસ્તામાં સામેથી વાહનો આવતા હતા. તેઓએ રસ્તામાં આ પૈકીના કોઇ વાહનોને રોકેલા નહીં અને એવું કંઇ પૂછ્યુ નથી કે તેમની સાથે નસારપુર પાટિયે કંઇ લૂંટ જેવું થયું છે ખરું. સામેથી બાઇકો પણ આવતા હતા. એવું બન્યું નથી કે, ખરેખર ત્રણ નહીં પરંતુ બે વાહનોમાં જ તેઓ ગયા હોઇ. ખાનગી વાહન નસારપુર પાટિયે પહેલું પહોંચેલું પછી પાંચ–દસ મિનિટમાં બીજા વાહનો પહોંચેલા. તેઓ ખાનગી વાહનમાં હતા નહીં. એટલે ખાનગી વાહન સાથે શું થયું તે તેમને ખબર નથી. આ ખાનગી વાહનમાં પણ પોલીસવાળા બેઠા હતા. આ ખાનગી વાહનમાં કોણ કોણ પોલીસવાળા હતા તે તેઓ કહી શકે નહીં. મારૂતીવાન જે ઉભેલી હતી તે નસારપુર પાટિયા પર જ ઉભેલી હતી. આ નસારપુર પાટિયા પર બસ સ્ટેન્ડ આવેલું છે. આ બસ સ્ટેન્ડ પર બસની રાહ જોનાર માણસો ઉભા રહે છે. આ બસ સ્ટેન્ડની પાસે ચોતરા જેવી બેસવાની જગ્યા આવેલી છે. રાત્રે એ જગ્યા

ઉપર માણસો બેસતા હોય છે. તેમણે પંચનામામાં સહી કરી નથી. પંચનામામાં શું લખાયું તેના તેઓ સાક્ષી નથી. પહેલી ખાનગી વાહનમાંથી તરત જ પોલીસવાળા બહાર નીકળેલા અને એમની કાર્યવાહી ચાલુ કરી દીધેલી. તેમના પાછલા વાહનો જ્યારે આવ્યા ત્યારે ખાનગી વાહનમાંના બધા પોલીસવાળા બહાર હતા અને તેઓ આરોપીને શોધવા માટે ભાગદોડ કરતા હતા. તેમનું વાહન જયાં સુધી આવ્યું નહીં ત્યાં સુધી તેમણે કોઇને પકડેલા હતા જ નહીં. એવું બન્યું નથી કે, પહેલાં વાહનમાંથી પોલીસવાળાઓ ઉતર્યા હોય તેમણે આરોપીને પકડી લીધા હોય. પહેલું વાહન જયારે પહોંચ્યું ત્યારે આરોપીઓ ભાગ્યા હશે. પાંચ–દસ મિનિટમાં આરોપીઓ ઘણે દૂર પહોંચી જાય. જે પકડાયેલા હતા તે ઇસમો પાસેથી માંડ સો–દોઢસો રૂપિયા દરેક પાસેથી મળેલા હતા તેવું તેમને પી.આઇ.સાહેબ તરફથી ખબર પડેલી.

સદર સાહેદની આરોપી નં.૩ તરફેના વિ.વ.શ્રી દ્વારા જે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તે ઊલટ તપાસ આરોપી નં.૨ અને ૪ તરફેના વિ.વ.શ્રીએ એડોપ્ટ કરેલ છે.

(૧૩) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૭ તરીકે આંક–૨૧૧ થી ચાર્જશીટ કરનાર પોલીસ સાહેદ/ત.ક.અમલદાર–નિવૃત્ત PI નારણભાઈ હરીભાઈ દેસાઈને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૦૮ ની સાલમાં પો.સ.ઇ. એમ.ઓ.બી.સુરત ગ્રામ્ય તરીકે ફરજ બજાવતા હતા દરમ્યાન શ્રી આર.વી.રબારી પો.ઇ.એલસીબી સુરત ગ્રામ્યનાઓ તેમના સ્ટાફ સાથે તા.૪/૪/૦૮ ના રોજ પેટ્રોલીંગમાં નીકળેલા દરમ્યાન નસારપુર પાટીયા, ઝંખવાવ રોડ ઉપર પથ્થરોથી રોડ ઉપર આડશ મૂકી લૂંટ–ધાડ પાડવાની તૈયારી સાથે શસસ્ત્ર ઘાતકી હથિયાર સાથે પૂર્વતૈયારી કરીને ધાડ પાડવાની તૈયારી કરતા હોવા મતલબની માંગરોળ પો.સ્ટે. ફ.૨૮/૨૦૦૮

ઇ.પી.કો.ક.૩૯૯ તથા આર્મ્સ એકટ કલમ-૨૫(૧-બી)એ મુજબ ગુનો દાખલ થયેલો, જેની તપાસ પો.ઇ.આર.વી. રબારી, એલસીબી સુરતનાઓ કરતા હતા. ત્યાર બાદ તા.૫/૪/૦૮ ના રોજ તેમના ઉપરી અધિકારીની સૂચનાથી સદર ગુનાની તપાસ તેમને સોંપતા, આ કામે તેમણે રેડીંગ પાર્ટીના સાહેદોના નિવેદનો લીધેલા તેમજ સદર ગુનાના કામે આર્મ્સ એકટનો ગુનો હોય ચાર્જશીટની મંજૂરી માટે મે.જિલ્લા મેજી.સાહેબને યાદી કરેલી. ત્યાર બાદ ચાર્જશીટની મંજૂરી આવતા અને આરોપીઓ વિરુદ્ધ પૂરતો પુરાવો જણાઇ આવતા ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. વધુમાં સદર સાહેદે આંક-૨૧૨ થી ચાર્જશીટ કરવા મંજૂરી મેળવવા માટે લખેલ યાદી ફોરવર્ડીંગ લેટર સાથે, આંક-૨૧૩ થી ચાર્જશીટ કરવા પરવાનગી આપતો હુકમ, આંક-૨૧૪ અને આંક-૨૧૫ થી એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર સાથેનો બેલેસ્ટીકનો પરીક્ષણ અહેવાલ રજૂ કરેલ છે.

સદર સાહેદની આરોપી નં.૩ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ ગુનાની તપાસ તા.૫/૪/૦૮ ના રોજ રાત્રિના સમયે તેમને સોંપવામાં આવેલ પરંતુ ચોક્કસ કેટલા વાગે આ તપાસ સોંપવામાં આવેલ તે સમય તેમને હાલ યાદ નથી. તેમને આ ગુનાની તપાસ સોંપવામાં આવેલ તે પહેલા આ ગુનાના કામે મહત્વના સાહેદોના નિવેદનો નોંધાઇ ગયેલ હતા તેમજ મહત્વના પંચનામાઓ થઇ ગયેલા હતા. આ ગુનાની તપાસ તેમને સોંપવામાં આવેલી તે પહેલાં આ ગુનામાં ૨૪ કલાક ઉપરાંતનો સમય પસાર થઇ ગયેલ હતો. આ ગુનાના કામે તેઓ રેડીંગ પાર્ટીના સભ્ય ન હતા તેમજ ગુના અંગે તેમને કોઇ જાતમાહિતી નથી.

સદર સાહેદની આરોપી નં.૩ તરફેના વિ.વ.શ્રી દ્વારા જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે, તે ઉલટ તપાસ આરોપી નં.૪ તરફેના વિ.વ.શ્રીએ એડોપ્ટ કરેલ છે.

આરોપી નં.૨ ના વિ.વ.શ્રીનો વારંવાર પોકાર કરવા છતાં

તેઓ હાજર રહેલા નથી, જેથી તેમનો ઊલટ તપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૧૪) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૮ તરીકે આંક–૨૧૮ થી ત.ક.અમલદાર–નિવૃત્ત રામજીભાઈ વરવાભાઈ રબારીને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ તા.૦૪/૦૪/૨૦૦૮ ના રોજ સુરત જિલ્લા ખાતે ક્રાઈમ બ્રાન્ચમાં તેમની ફરજ બજાવતા હતા ત્યારે રાત્રિના પોલીસ માણસો સાથે જિલ્લાના વિસ્તારમાં ખાનગી તથા સરકારી વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન માંગરોળ પો.સ્ટે. વિસ્તારમાં આવતા માંગરોળ–નેત્રંગ રોડ ઉપર પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એક ઈસમ મો.સા. ઉપર આવેલ અને તેણે નશારપુર પાટિયા પાસે કેટલાક ઈસમો ઉભેલા છે અને એક મારુતિવાન પણ ત્યાં છે અને રોડ ઉપર પથ્થરની આડશો મૂકી વાહનો આવતા–જતાં રોકવાનો પ્રયત્ન કરે છે, જે હકીકત મળતાં તેઓ સાથેના પોલીસ માણસો સાથે ખાનગી તથા સરકારી વાહનમાં નશારપુર પાટિયા પાસે આવતાં છ થી સાત જેટલા ઈસમો તથા મારુતિવાન જણાઈ આવતાં તેમનું ખાનગી વાહન થોભાવી નીચે ઉતરતા તેઓ નજીક આવતાં પાછળ પોલીસની ગાડી જોઈ ભાગવા લાગેલા, જે ઈસમો પૈકી ચાર ઈસમો સ્થળ ઉપર પકડાઈ ગયેલા અને બાકીના ઈસમો અંધારાનો લાભ લઈ ભાગી જવામાં સફળ થયેલા. પકડાયેલ ઈસમોને નશારપુર પાટિયા પાસે બે પંચોના માણસો બોલાવી, પંચનામાની વિગતે તેઓ પાસેના હથિયાર તથા અન્ય ચીજવસ્તુ કબજે કરેલ અને સાથેના પોલીસ જમાદાર પ્રકાશ રઘુનાથ પાટીલનાઓએ તેમની રૂબરૂમાં ફરિયાદ આપતાં ફરિયાદ લઈ, માંગરોળ પોલીસ સ્ટેશનનાઓ તરફ ફરિયાદ નોંધવા સારું મોકલી આપેલ. પકડાયેલ ઈસમોની પૂછપરછ કરી, તેઓના ફેંકી દીધેલા મોબાઈલ પંચો રૂબરૂ જગ્યા બતાવતા હોય ત્યાં તપાસ કરી, કબજે કરેલા, સાથેના પોલીસ માણસોના નિવેદનો લીધેલા અને આગળની તપાસ એમ.ઓ.વી.

પી.એસ.આઈ.ને સુપરત કરેલી. વધુમાં સદર સાહેદે આંક–પ૮ વાળી ફરિયાદ જોઈને તે ફરિયાદ તેમની રૂબરૂ લીધેલી તે જ હોવાનું અને તેમાં ફરિયાદી તથા રૂબરૂ તરીકે પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે તેમજ આંક–૧૭૭ અને આંક–૧૮૬ થી રજૂ પંચનામું જોઈને તે તેમની રૂબરૂ કરેલ તે જ હોવાનું અને તેમાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે તેમજ આંક–૨૧૯ થી ફરિયાદના આધારે ગુનો દાખલ કરવા માટે પો.સ્ટે. અમલદારને કરેલ લેખિત હુકમ, આંક–૨૨૦ થી રવાનગી નોંધ, આંક–૨૨૧ થી એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળી ગયા બદલની પહોંચ રજૂ કરેલ છે.

સદર સાહેદની આરોપી નં.૩ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પેટ્રોલીંગમાં જવા માટે પોલીસ સ્ટેશનમાં રજીસ્ટર રાખવામાં આવતુ હોય છે અને તેમાં નોંધ રાખવામાં આવતી હોય છે. સરકારી વાહનમાં ડ્રાઈવરની લોગબુક હોય છે. સવાલ–તમે તમારી તપાસ દરમ્યાન આવી કોઈ રજીસ્ટરનો ઉતારો કે લોગબુકનો ઉતારો કબજે લીધેલ છે? જવાબ– લોકલ ક્રાઈમ બ્રાંચમાં આવું કોઈ રજીસ્ટર નિભાવવામાં આવતુ નથી, તેમણે તેમની તપાસ દરમ્યાન કોઈ લોગબુકનો ઉતારો કબજે કરેલ નથી. કંટ્રોલ રૂમમાં જાણ કરવાથી તે લોકો આ બાબતની જાણ કરતા હોય છે. આવી કોઈ નોંધ પણ મેં કબજે કરેલ નથી. જે તે વખતે પેટ્રોલીંગમાં ખાનગી વાહન અને સરકારી વાહનમાં જવાનું કહું છું તે વાહનના નંબર કે ડ્રાઈવર કોણ હતું તે તેઓ હાલ કહી શકે નહીં. તેઓ ખાનગી વાહનમાં બેસેલ હતા અને સરકારી વાહનમાં અન્ય પોલીસવાળા હતા. તેમની સાથે પ્રકાશ રઘુનાથ પાટીલ ખાનગી વાહનમાં બેસેલ હતા. મો.સા. વાળા ઈસમે તેઓને માહિતી આપી તે સમયથી જગ્યાએ પહોંચતા તેઓને ૧૦–૧૫ મિનિટનો સમય લાગેલો. આ સમય દરમ્યાન તેમની બંને ગાડીઓ આગળ–પાછળ થયેલી. સામેથી ટ્રાફિક ચાલું હતું કે કેમ? તે તેમને હાલ

યાદ નથી. આ દરમ્યાન મોડી રાતનો સમય હતો અને અંધારુ હતું. આવી તેઓને જાણ થઈ ત્યારબાદ તેઓ પંચના માણસો લેવા માટે રોકાયેલા નહીં પરંતુ સીધા જગ્યાએ ગયેલા. જગ્યાએ ગયા અને તેમના કહેવા પ્રમાણે માણસોને પકડી લીધા બાદ તેઓએ પંચના માણસોને બોલાવેલ. આ પંચના માણસોને બોલાવવા માટે પ્રકાશ વિશ્વનાથ ગયેલો અને કયાંથી બોલાવેલ તે તેમને હાલ યાદ નથી. તે પંચોના નામ પણ હાલ તેમને યાદ નથી. તેમના કહેવા પ્રમાણે તેઓએ આરોપીઓને પકડી લીધા અને ત્યારબાદ આ પ્રકાશભાઈ પંચોને બોલાવવા ગયેલા અને પંચોને બોલાવી લાવ્યા તે દરમ્યાન આરોપીઓ પોલીસવાળા સાથે એકલા હતા. જે મો.સા. વાળા વ્યક્તિએ તેઓને આ બાબતની જાણ કરેલી તે વ્યક્તિનું તેમને નામ ખબર નથી. એ વ્યકિતને તેઓ તેમની સાથે લઈ ગયેલ નથી. મો.સા. વાળી વ્યકિતનું કોઈ જાણવાજોગ નિવેદન લીધેલ હોય કે એન્ટ્રી કરેલ હોય તેવું બનેલ નથી. મો.સા.વાળી વ્યકિતનું નિવેદન લેવા માટે પાછળથી નામ-સરનામુ કે મોબાઈલ નંબર લીધેલ હોય તેવું બનેલ નથી. આ વ્યકિત સાથે પણ કોઈ બનાવ બનેલ નહીં. હાલ તેમને યાદ નથી કે, બાતમી મળ્યાથી બનાવવાળી જગ્યા સુધી જવા જે પંદર મિનિટનો સમય લાગેલો તે દરમ્યાન સામેથી આવતા વાહનોને થોભાવીને આગળ કોઈ આવો બનાવ બનેલ કે કેમ તેવું પૂછેલ નથી. તેમની ગાડી ખાનગી હતી અને સ્થળ પર પહેલા પહોંચેલી. તેમની ગાડી સાથે કોઈ લૂંટનો બનાવ બનેલ નથી. તેઓ સ્થળ પર પહોંચીને બીજી ગાડી આવવાની રાહ જોયેલી નહીં પરંતુ તરત નીચે ઉતરેલા. તેમની પોલીસની ગાડી પહોંચતા નાસભાગ થયેલી. સાહેદ જણાવે છે કે, તે લોકો સામેથી આવતા હતા અને પોલીસની ગાડી જોઈને નાસભાગ કરવા લાગેલા. આવી નાસભાગ થતા કોની પાછળ કોણ દોડેલું અને કોણે કયા આરોપીને પકડેલ તે તેઓ હાલ કહી શકે નહીં. કયો માણસ કયા આરોપીને કેટલા દૂરથી પકડી લાવેલ તે તેઓ કહી શકે નહીં. સર્ચ લાઈટ સિવાય તે જગ્યાએ બીજી કોઈ

લાઈટ ન હતી. તેમને ખબર નથી કે, નશારપુર પાટિયા પાસે બસો પણ ઉભી રહે છે અને અગિયાર સાડા અગિયાર સુધી ચાલુ રહે છે. જે તે વખતે ત્યાં કોઈ બસ આવેલ ન હતી. તેમની ગાડીઓ સ્થળ પર પહોંચી તે પહેલા શું બનાવ બનેલ અને શું બનાવ બનેલ તેની તેઓને કોઈ જાત માહિતી નથી. તેઓ ત્યાં પહોંચ્યા તે પહેલાં આ આરોપીઓએ કોઈને અટકાવેલ અને કોઈને લૂંટી લીધેલ કે કેમ તેની તેમને જાત માહિતી નથી. આ જગ્યાએ કોઈ વ્યકિત અગાઉ લૂંટાયેલું તેવી ફરિયાદ કરવા માટે પાછળથી પણ કોઈ તેમની પાસે આવેલ નથી. તેમને તે યાદ નથી કે, તેમની તપાસ દરમ્યાન આજુબાજુના પોલીસ સ્ટેશનમાં આવી કોઈ લૂંટની ફરિયાદ નોંધાયેલ છે કે કેમ તે અંગે તેઓએ કોઈ તપાસ કરેલ નથી. પંચનામુ ગાડી અને સર્ચ લાઈટના પ્રકાશમાં થયેલ. ઘણો સમય થયેલ હોવાથી કયા વ્યકિતએ કયા આરોપીની ઝડતી કરેલી તે પંચનામુ જોઈને કહી શકું મોઢે કહી શકું નહીં. પંચનામું જોઈને કહું છું કે, આરોપીઓની ઝડતીમાં ૧૦૦–૨૦૦ રૂપિયાની મામુલી રકમ મળેલ છે. આરોપીઓના શરીરેથી કે ગાડીમાંથી લૂંટની કોઈ વધારે રકમ કે ચીજવસ્તુઓ મળેલ નથી. ૧૦૦–૨૦૦ રૂપિયા કોઈપણ વ્યકિત પાસે સામાન્ય રીતે હોય. આરોપીઓએ કોઈ વ્યકિતને કોઈ પૈસા કે ચીજવસ્તુ આપી દીધેલ હોય તે તેમને હાલ યાદ નથી. પોલીસવાળા સિવાય કોઈપણ ખાનગી વ્યકિતના જવાબો તેમણે લીધેલ નથી.

સદર સાહેદની આરોપી નં.૩ તરફેના વિ.વ.શ્રી દ્વારા જે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તે ઊલટ તપાસ આરોપી નં.૨ અને ૪ તરફેના વિ.વ.શ્રીએ એડોપ્ટ કરેલ છે.

**<u>પંચ સાહેદોનો પુરાવોઃ–</u>**

(૧૫) આ કામે ફરિયાદ પક્ષ તરફથી આંક–૧૭૭ થી આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામું રજૂ થયેલ છે. સદર પંચનામાની

હકીકત પુરવાર કરવા માટે સાહેદ નં. ૨ તરીકે પંચ સાહેદ–પીરૂભાઈ માનખાભાઈ મુલતાનીને આંક–૧૭૬ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૦૮ માં તેઓ ફોરવ્હીલરનું ડ્રાઈવીંગ કરતા હોય જેથી એલસીબીના પોલીસ માણસોએ તેમને પો.સ્ટે.એ બોલાવી તેમની તૈયાર લખાણમાં સહી કરાવેલી તે લખાણ શેનું હતું તેની તેમને ખબર નથી. તે લખાણ તેમણે વાંચેલ નહીં કે પોલીસે વાંચીને સંભળાવેલ નહીં. તેમની હાજરીમાં કોઈ આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામું કરેલ હોય અને તેમની પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું બનેલાનો ઈન્કાર કરેલ છે, જેથી તેવો કોઈ મુદ્દામાલ તેમને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહીં. તેમની હાજરીમાં કોઈ આરોપીઓનું શરીરસ્થિતિનું પંચનામુ કરેલ ન હોય જેથી તેવા કોઈ આરોપીઓને તેઓ ઓળખતા નથી. વધુમાં સદર સાહેદે આંક–૧૭૭ થી રજૂ પંચનામામાં તેમજ આંક–૧૭૮ થી ૧૮૨ સુધી રજૂ થયેલ પંચ સ્લીપોમાં પંચ તરીકે પોતાની સહી હોવાનું ઓળખી બતાવેલ છે.

સદર સાહેદ દ્વારા પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો પૂરો પાડવામાં આવેલો નથી. આથી સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ઊલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછી, વિસ્તૃત ઊલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ ઊલટતપાસમાંથી પણ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો સદર સાહેદ દ્વારા પોતાના સોગંદ ઉપરના પુરાવામાં પૂરો પાડવામાં આવેલ નથી.

(૧૬) આ કામે ફરિયાદ પક્ષ તરફથી આંક–૧૮૬ થી મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું રજૂ થયેલ છે. સદર પંચનામાની હકીકત પુરવાર કરવા માટે સાહેદ નં. ૩ તરીકે પંચ સાહેદ–બિલાલ મુસા

પાંચભાયાને આંક–૧૮૫ થી તેમજ સદર પંચનામાના અન્ય પંચ સાહેદ– ઈસ્માઈલ અહમદ પાંચભાયાને સાહેદ નં. ૪ તરીકે આંક–૧૮૭ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૦૮ માં એલસીબીના પોલીસ માણસોએ તેમને કોઈ જગ્યાએ પંચ તરીકે બોલાવેલ હોવાનો ઈન્કાર કરેલ છે. તેમની તૈયાર લખાણમાં સહી કરાવેલી તે લખાણ શેનું હતું તેની તેમને ખબર નથી. તે લખાણ તેમણે વાંચેલ નહીં કે પોલીસે વાંચીને સંભળાવેલ નહીં. તેઓ પોલીસ સાથે કોઈ આરોપીને સાથે રાખી કોઈ જગ્યાએ ગયા હોય અને આરોપીએ તે જગ્યા બતાવતા ત્યાંથી પોલીસે કોઈ મોબાઈલ ફોન કબજે કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. તેમની હાજરીમાં કોઈ આરોપીએ કોઈ જગ્યા બતાવેલ ન હોય જેથી તેવા કોઈ આરોપીને તેઓ ઓળખતા નથી. વધુમાં સદર સાહેદોએ આંક–૧૮૬ થી રજૂ આરોપીએ બતાવેલ જગ્યાનું પંચનામામાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવેલ છે.

સદર સાહેદો દ્વારા પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો પૂરો પાડવામાં આવેલો નથી. આથી સદર સાહેદોને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ઊલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછી, વિસ્તૃત ઊલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ ઊલટતપાસમાંથી પણ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો સદર સાહેદો દ્વારા પોતાના સોગંદ ઉપરના પુરાવામાં પૂરો પાડવામાં આવેલ નથી.

***<u>ફરિયાદ પક્ષના પુરાવો અને પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>***

(૧૭) આમ, ઉપરોકત ફરિયાદ પક્ષના સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતાં આ કામે પોલીસ સાહેદોનો પુરાવો જોવામાં આવે તો તેઓએ હાલના ગુના સંબંધે કરેલ કાર્યવાહીની વિગતો રેકર્ડ ઉપર આવે છે. પરંતુ તેઓના પુરાવા સંબંધે કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. આ

કામે ફરિયાદીનો પુરાવો વંચાણે લેતાં તેઓ પેટ્રોલીંગમાં ગયેલા તે વખતે સ્ટેશન ડાયરીમાં કોઈ નોંધ કરવામાં આવેલ નથી. જે પંચોને સાથે રાખવામાં આવેલા તે પંચો હોસ્ટાઈલ જાહેર થયેલ છે. તેઓએ પોતાના નિવેદનમાં સરકારી વાહન તથા ખાનગી વાહનોના નંબર જણાવેલ નથી.

(૧૮) ફરિયાદ તથા પોલીસ સાહેદોની જુબાની જોતાં બનાવ અંગે ફરિયાદી તથા પોલીસ સાહેદો પેટ્રોલીંગમાં હતા તે વખતે એક મોટરસાઈકલ ચાલક તેમની પાસે આવેલ અને તેણે જણાવેલ કે, બનાવવાળી જગ્યાએ અમુક લોકો હથિયાર લઈ તથા રસ્તા ઉપર આડશ મુકી લોકોને લુંટવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આમ, સદરહુ સાહેદ તે બાતમીદાર ગણાય અને તેણે આરોપીઓને હથિયાર સાથે જોયેલા છે અને આરોપીઓ લુંટની તૈયારી કરતા હોવાનું જણાવેલ છે તે સંજોગોમાં આ સાહેદે આપેલ માહીતી તે પ્રથમ બાતમી રીપોર્ટ એટલે કે, એફ.આઈ.આર. બને. પરંતુ, હાલના કેસમાં આવી કોઈ પ્રથમ બાતમી રીપોર્ટની પોલીસ સ્ટેશનમાં નોંધ થયેલ નથી. વધુમાં, જે મોટરસાઈકલ ચાલકે પોલીસને બનાવની જાણ કરેલી તેનું નામ-સરનામું કે મોબાઈલ નંબર પોલીસે મેળવેલા નથી. મોટર સાઈકલવાળી વ્યકિત નસારપુર પાટિયાથી પસાર થઈને આવેલ હતી. આ મો.સા.વાળી વ્યકિતની કોઈ ફરિયાદ તેમજ સ્ટેટમેન્ટ લેવામાં આવેલ નથી કે તેઓને ફરિયાદ પક્ષે સાહેદ તરીકે તપાસેલા નથી. આ મો.સા.વાળી વ્યકિતને તેઓ સાથે લઈને પણ ગયેલ નથી. તદ્ઉપરાંત, ઝંખવાવથી નસારપુર પાટિયાનું અંતર ૧૦ કિ.મી. અને પંદરથી વીસ મિનિટનું છે. આ ૧૦ કિ.મી.ના અંતર સમયે પોલીસના બે વાહનો જતા હતા ત્યારે સામેથી બીજા વાહનો આવતા હતા. વધુમાં, ફરિયાદી તથા પોલીસ સાહેદોએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસના બે વાહનો જતા હતા તેની આગળ એક ખાનગી વાહન જતુ હતુ જે વાહનને નસારપુર પાટીયા પાસે માહિતી મુજબના ઈસમોએ રોકી લુંટ કરવાનો પ્રયત્ન કરેલ અને તે દરમ્યાન સરકારી વાહન જોઈ કેટલાક લોકો

ભાગી ગયેલા અને ચાર ઈસમો ઝડપાઈ ગયેલા. આમ, પોલીસ સાહેદ, પંચો સાથે બનાવવાળી જગ્યાએ પહોંચ્યા ત્યારે ત્યાં એક વાહનને લુંટવાનો પ્રયત્ન ચાલુ હતો. પરંતુ, આવા કોઈ વાહન ચાલક કે વાહનમાં બેઠેલા વ્યક્તિઓના નિવેદન ત.ક. અમલદારે નોંધેલા નથી કે આવા કોઈ સાહેદોને ફરિયાદ પક્ષે તપાસેલા નથી. આ ઉપરાંત, પોલીસ તેમના બે વાહનોમાં જતી હતી ત્યારે તેમની સામેથી આવતા બીજા વાહનોને પોલીસે અટકાવીને તેઓની સાથે કોઈ બનાવ બનેલ છે કે કેમ તેવી કોઇ પૂછપરછ પણ કરેલ નથી. તે ઉપરાંત ઉપરોક્ત સમયગાળામાં ત્યાંથી ઘણા બધા વાહનો પસાર થયા હતા તે પૈકી કોઈ વાહન ચાલક સાથે કોઈ લુંટનો પ્રયત્ન થયો હોવાનું પણ સાહેદોની જુબાનીમાં ખુલેલ નથી. વધુમાં, પોલીસ સાહેદોની જુબાનીઓ જોતાં તેમાં પણ આવી કોઈ લુંટ થયા બાબતની કે લુંટનો પ્રયાસ થયા બાબતની કોઈ ફરિયાદ નોંધાઈ હોવાનો ઈન્કાર કરેલ છે.

વધુમાં, નસારપુર પાટીયા પાસે બસસ્ટેન્ડ આવેલ હોવાનું પોલીસ સાહેદોએ સ્વિકારેલ છે અને ત્યાં લોકો ઉભા હોવાનું પણ સ્વિકારેલ છે તેમજ ત્યાં રાત્રે લોકો બેઠા હોવાનું પણ પોલીસ સાહેદોએ સ્વિકારેલ છે. આમ, સ્વાભાવિક રીતે જ બનાવ વખતે પણ લોકો ત્યાં હાજર હોય, પરંતુ, આવા કોઈ સાહેદોના ત.ક. અમલદારે નિવેદન નોંધેલા નથી કે આ સાહેદોને ફરિયાદ પક્ષે તપાસેલા નથી. હાલના કેસની ચાર્જશીટ જોતાં પંચો સિવાય ફક્ત પોલીસ સાહેદો જ છે, કોઈ ખાનગી સાહેદના ત.ક. અમલદારે નિવેદનો નોંધેલા નથી કે તેમને તપાસેલા નથી.

(૧૯) વધુમાં, આ કામના ફરિયાદીએ તેમની ઊલટ તપાસમાં જણાવેલ છે કે, તેઓ ઝંખવાવથી નસારપુર પાટીયા ગયેલા ત્યારે તેમની સાથે બીજા બે પંચના માણસો હતા. આ બે પંચના માણસોના નામ તેમને હાલ ખબર નથી. પંચના માણસો લઈને નીકળેલા તે સમયે નીકળતા પહેલા કોઇ પંચનામું કરેલ નથી. પંચના માણસો કયાંથી લીધા તેની કોઈ

નોંધ પંચનામામાં કરેલ નથી. બનાવવાળી જગ્યાએ તે સમયે અંધારું હોવાથી પંચનામું તેઓએ તેમની ગાડીના સર્ચલાઈટના અજવાળામાં કરેલું. જયારે આ કામના તપાસ કરનાર અમલદારની ઊલટતપાસ જોવામાં આવે તો તેમાં તેઓએ જણાવેલ છે કે, મોડી રાતનો સમય હતો અને અંધારું હતું, બનાવની જાણ થઈ ત્યારબાદ તેઓ પંચના માણસો લેવા માટે રોકાયેલા નહીં પરંતુ સીધા જગ્યાએ ગયેલા. તેમના કહેવા પ્રમાણે માણસોને પકડી લીધા બાદ તેઓએ પંચના માણસોને બોલાવેલ. આ પંચના માણસોને બોલાવવા માટે પ્રકાશ વિશ્વનાથ ગયેલા અને કયાંથી બોલાવેલ તે તેમને હાલ યાદ નથી. પંચોના નામ પણ હાલ યાદ નથી. પ્રકાશભાઈ પંચોને બોલાવી લાવ્યા તે દરમ્યાન આરોપીઓ પોલીસવાળા સાથે એકલા હતા. આમ, ઉપરોકત ફરિયાદી અને તપાસ કરનાર અમલદારની જુબાની વંચાણે લેતાં તેમાં પંચોને હાજરી બાબતે વિરોધાભાસ જણાય છે.

(૨૦) વધુમાં, આ કામે બનાવવાળા સ્થળ ઉપર પોલીસની ગાડી પહોંચી ત્યારે નાસભાગ થયેલી અને આવી નાસભાગ થતાં કોની પાછળ, કોણ દોડેલું અને કોણે કયા આરોપીને પકડેલ કે કયો માણસ કયા આરોપીને કેટલા દૂરથી પકડી લાવેલ તે પોલીસ સાહેદોની જુબાનીથી સ્પષ્ટ થતું નથી. પોલીસની ગાડીઓ સ્થળ ઉપર પહોંચી તે પહેલાં આરોપીઓએ કોઈને અટકાવેલ હોય અને કોઈને લૂંટી લીધેલ કે કેમ તે હકીકત પણ પોલીસ સાહેદોની જુબાનીથી સ્પષ્ટ થતી નથી.

(૨૧) વધુમાં, સ્વાભાવિક રીતે જ હાલના કેસના આરોપીઓની સંડોવણી ગુનામાં કઈ રીતે છે તે સદર ગુનાની તપાસ કરનાર અમલદાર જ સ્પષ્ટ કરી શકે. પરંતુ, આ સાહેદની જુબાનીમાં આરોપીઓની ગુનામાં સંડોવણી સાબિત થતી નથી. હાલના કેસમાં તટસ્થ સાહેદોની હાજરી

હતી છતાં ત.ક. અમલદારે કોઈ જ તટસ્થ સાહેદોના નિવેદનો મેળવેલા નથી, ફરિયાદ પક્ષે તેમને તપાસેલા નથી અને જે કહેવાતા તટસ્થ સાહેદો એટલે કે, પંચો જેમની રૂબરૂ આરોપીઓની અટક થયેલ છે અને મુદ્દામાલ કબજે થયેલ છે તેમણે પોલીસે લખેલા તૈયાર પંચનામામાં સહી લીધી હોવાનું જણાવેલ છે. આમ, સમગ્ર રીતે ફરિયાદમાં જણાવેલ ગુનો શંકાસ્પદ બને છે. પોલીસ સાહેદને ન જ માનવા તેવો કોઈ કાયદો નથી. પરંતુ, પોલીસ તપાસમાં સમગ્ર બનાવ શંકાસ્પદ બનતો હોય ત્યારે ફક્ત પોલીસ સાહેદોની જુબાનીથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં અને તે પણ પોલીસ સાહેદોની જુબાનીમાં પંચોની તથા આરોપીઓની હાજરી બિનશંકાસ્પદ સાબિત ન થતી હોય તેવા કેસમાં ફક્ત પોસી સાહેદોની જુબાની ઉપર આધાર રાખી શકાય નહીં.

(૨૨) વધુમાં, પકડાયેલ આરોપીઓની ઝડતી દરમ્યાન તેમના ખિસ્સામાં ૧૦૦/- અને ૨૦૦/- રૂપિયાની મામુલી રકમ મળેલી. પોલીસ સાહેદોને જે બાતમી મળેલ તે મુજબ જો આરોપીઓ ઘાતક હથિયારો ધારણ કરી, રોડ ઉપર નાના-મોટા પથ્થરો મૂકી, આડશ કરી, રોડ ઉપર આવતા જતા વાહનોને લૂંટ કરવા માટે રોકવાનો પ્રયત્ન કરી ધાડ પાડતાં હોય તો પકડાયેલ આરોપીઓ પાસેથી ઘણી મોટી માત્રામાં રોકડ રકમ કે કોઈ ચીજવસ્તુ મળી આવવી જોઈએ, પરંતુ આવી કોઈ રોકડ રકમ કે ચીજવસ્તુ આરોપીઓના કબજામાંથી મળી આવેલ નથી તેમજ બનાવસ્થળે જે ગાડી તેમાંથી કોઇ પૈસા મળેલા નથી કે કોઇ લૂંટેલી વસ્તુ પણ મળેલી નથી. વધુમાં, આ કેસમાં બનાવ સમયે હાલના આરોપીઓ બનાવના સ્થળે હાજર હોય અને તેઓએ આક્ષેપિત ગુનો કરેલો હોય તેવો કોઈ જ માનવાલાયક પુરાવો રેકર્ડ ઉપરથી જણાય આવતો નથી.

(૨૩)	આ કામે આંક–૧૭૭ થી આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામું અને આંક–૧૮૬ થી મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું રજૂ થયેલ છે, સદર પંચનામાના પંચ સાહેદોનો મૌખિક પુરાવો વંચાણે લેતાં સદર પંચ સાહેદો વિમુખ જાહેર થયેલ છે અને તેમના મૌખિક પુરાવાથી પંચનામાની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી સદર પંચનામા પણ ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૨૪)	આમ, આ કામે પોલીસ સાહેદોની જુબાનીમાંથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, બનાવનો સમય મોડી રાતનો છે અને તે સમયે અંધારું હતું. બનાવ નસારપુર ગામના પાટિયાથી આગળ બનેલો છે. આ કામના તપાસ કરનાર અધિકારીએ સદર બનાવ સંબધે કોઈ તટસ્થ સ્થાનિક સાહેદોના નિવેદન લીધેલ નથી. રેડ કરવા ગયેલા તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલ નથી. બનાવવાળી જગ્યાએ ગયા ત્યારે સ્ટેશન ડાયરીમાં નોંધ પણ કરેલ નથી. બનાવવાળી જગ્યાએ વાહનોની અવર–જવર રહેતી હતી. વધુમાં, આ કામે તેઓએ મુદ્દામાલ કબજે કરેલાનું જણાવેલ છે અને મુદ્દામાલ ઓળખી બતાવેલ છે. પરંતુ આ કામે મુદ્દામાલ કબજે કરેલાના બંને પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને તેઓએ જણાવેલ છે કે, તેમની હાજરીમાં કોઈ ચીજવસ્તુ કબજે કરેલ હોય, તેવું બનેલ નથી. તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ હોય અને આરોપીઓને પકડેલા હોય, તેવું પણ બનેલ નથી. મુદ્દામાલ તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ નથી, તેવું જણાવેલ છે. તેવા સંજોગોમાં જયારે મુદ્દામાલ કબજે કરેલાના પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ હોય, મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું રજૂ થયેલ હોય, તેને પંચ સાહેદોની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આરોપીઓને સ્થળ પરથી મુદ્દામાલ સાથે પકડેલા હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી. કોઈ તટસ્થ સાહેદોના નિવેદનો લીધેલ નથી. આ કામે જે મોટર સાઈકલ ચાલકે સદર બનાવની જાણ કરેલી તે મોટર સાઈકલ ચાલકનું નામ–સરનામું કે મોબાઈલ નંબર લીધેલ નથી કે તેઓનું કોઈ નિવેદન

લીધેલ નથી કે તેમને સાક્ષી તરીકે તપાસવામાં આવેલ નથી. તદ્‌ઉપરાંત પકડાયેલ આરોપીઓની અંગજડતી કરતાં ૧૦૦–૨૦૦ રૂપિયાની મામુલી રકમ મળેલાનું જણાવેલ છે. જયારે આરોપીઓ પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, લૂંટ કરવાના ઈરાદે મળી આવેલા હોય તો તેઓની પાસેથી ઘણી મોટી માત્રામાં રોકડ રકમ કે ચીજવસ્તુઓની લૂંટ કરેલ હોવાનો મુદ્દામાલ મળી આવવો જોઈએ. જે હાલના કિસ્સામાં આવો કોઈ મુદ્દામાલ આરોપીઓ પાસેથી મળી આવેલ નથી કે કબજે કરેલ નથી. આંક–૧૭૭ થી રજૂ આરોપીઓની શરીરસ્થિતિના પંચનામાના પંચ સાહેદની જુબાની તેમની હાજરીમાં કોઈ ચીજવસ્તુ કબજે કરેલ હોય, તેવું બનેલ નથી કે તેમની હાજરીમાં સદર પંચનામાની કોઈ કાર્યવાહી કરેલ હોય તેવું બનેલાનો ઈન્કાર કરેલ છે. તેમની હાજરીમાં કોઈ આરોપીઓનું શરીરસ્થિતિનું પંચનામું કરેલ ન હોય જેથી તેવા કોઈ આરોપીઓને ઓળખવાનો ઈન્કાર કરેલ છે. તેવા સંજોગોમાં જયારે આરોપીઓની શરીરસ્થિતિના પંચનામાના પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ હોય, હાલના આરોપીઓએ જ આક્ષેપિત ગુનો કરેલ હોવાની હકીકતને પંચ સાહેદની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી આરોપીઓને સ્થળ પરથી મુદ્દામાલ સાથે પકડેલા હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી. તેવા સંજોગોમાં ઉપરોકત જણાવેલ કારણોસર પોલીસ સાહેદોનો પુરાવો વિશ્વસનીય જણાય આવતો નથી.

(૨૫) હાલના કેસના આરોપી નં. ૧ અફઝલ અબ્દુલ શેખ નાઓ વિરૂદ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ–૮૨ મુજબની કાર્યવાહી ચાલતી હોવાથી બાકીના આરોપીઓ પુરતી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૭ મુજબ ટ્રાયલ અલગથી ચલાવવાનો હુકમ થયેલો હતો. પરંતુ, રજુ થયેલો સમગ્ર પુરાવો જોતાં અને ઉપર કરેલી ચર્ચા અનુસાર આરોપી નં. ૧ અફઝલ અબ્દુલ શેખ વિરૂદ્ધ પણ કોઈ પુરતો પુરાવો જણાતો નથી અને તેના વિરૂદ્ધ ટ્રાયલ ચાલુ રાખવાથી કોઈ ફળદાયી પરિણામ મળે તેમ જણાતુ નથી.

(૨૬) આમ, ફરિયાદ પક્ષનો રેકર્ડ પરનો રજૂ થયેલ પુરાવો જોવામાં આવે તો, આ કામના આરોપીઓએ અને નાસતા-ફરતા આરોપીઓએ તા.૦૪/૦૪/૨૦૦૮ ના રોજ કલાક ૨૪-૦૦ વાગેના સુમારે મોજે નસારપુર ગામના પાટિયાથી આગળ ઝંખવાવ-નેત્રંગ રોડ ઉપર પોતાના કબજામાં માઉઝર પિસ્તોલ, એરગન, ચોપર (છરો), છરી જેવા ઘાતક હથિયારો સાથે સજ્જ થઈ મારૂતિવાન નં.જીજે-૦૬ બીએલ-૪૬૪૪ માં બેસી આવી, મારૂતિવાન રોડની સાઈડમાં ઉભી રાખી, રોડ ઉપર નાના-મોટા પથ્થરો મૂકી, આડશ કરી, રોડ ઉપર આવતા-જતા વાહનોની લૂંટ કરવા માટે રોકવાનો પ્રયત્ન કરી, ધાડ પાડવાની તૈયારી કરતા ઘાતક હથિયારો સાથે આ કામના આરોપીઓ પકડાઈ જઈ, આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૯ તથા આર્મ્સ એક્ટની કલમ-૨૫(૧-બી)એ મુજબનો ગુનો કરેલા છે, તે હકીકત ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધ આંક-૩૧ ના તહોમતનામામાં જણાવ્યા મુજબના આક્ષેપો મુજબનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

(૨૬) ઉપરોકત મુદ્દાઓમાં ચર્ચા કરી, તેને ધ્યાનમાં લેતાં, ફરિયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધ આંક-૩૧ થી ફરમાવવામાં આવેલ તહોતમનામા મુજબના ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૯ તથા આર્મ્સ એક્ટની કલમ-૨૫(૧-બી)એ મુજબનો ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નંબર-૧ નો નિર્ણય "**નકારાત્મક**" ઠરાવવામાં આવે છે અને મુદ્દા નંબર-૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છેઃ-

## હુકમ

૧. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૩૫(૧) અન્વયે **આરોપી નં.(૧) અફઝલ અબ્દુલ શેખ,** રહેવાસી-ઉંમરપાડા, તા.

ઉમરપાડા, જિ.સુરત **(૨) મુકેશભાઈ લક્ષ્મણભાઈ વસાવા,** રહેવાસી–નાની ફોકડી, તા.ઉમરપાડા, જિ.સુરત તથા **આરોપી નં. (૩) ભુપતભાઈ ગણપતભાઈ વસાવા,** રહેવાસી–નાની ફોકડી, તા.ઉમરપાડા, જિ.સુરત તથા **આરોપી નં.(૪) પ્રભાતભાઈ ગીબીયાભાઈ વસાવા,** રહેવાસી–નવી વસાહત, કેબીકુવા, તા.ઉમરપાડા, જિ.સુરતનાને [માંગરોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિ.નં.૨૮/૨૦૦૮] **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૯ તથા આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧–બી)એ** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીઓ જામીન મુક્ત હોઈ, તેમણે રજૂ કરેલા જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) મુજબ, અપીલ કોર્ટમાં હાજર રહેશે, તેની ખાતરી આપતા છ માસના સમયગાળા માટેના **₹ ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ હજાર પૂરા**) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

૪. અપીલ સમય વિત્યા બાદ સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકી મુદ્દામાલ આર્ટિકલ નં.૧ માઉઝર પિસ્તોલ તથા મુદ્દામાલ આર્ટિકલ નં.૩ લોખંડની એરગન તે ક્રિમિનલ મેન્યુઅલ પેરા–૨૩૪ ની જોગવાઈ મુજબ ડીરેકટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ (ડી.એફ.એસ.), ગાંધીનગર ખાતે મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ, સુરત ગ્રામ્યનાઓને આથી

હુકમ કરવામાં આવે છે કે, ઉપરોકત મુ.આર્ટિકલ નં.૧ અને ૩ ડી.એફ.એસ.માં મોકલવા યોગ્ય કાર્યવાહી કરવી.

અપીલ સમય વિત્યે મુદ્દામાલ આર્ટીકલ નં. ૨, ૪, ૬ અને ૮ વાળી રોકડ રકમ સરકારશ્રી ખાતે જમા કરાવવી.

અપીલ સમય વિત્યે મુદ્દામાલ આર્ટીકલ નં. ૫, ૭, ૧૦ અને ૧૧ નાશ કરવા.

આરોપીઓએ આર્ટીકલ નં. ૧૨ અને ૧૩ વાળા મોબાઈલ અંગે આજરોજ નોક્લેઈમ પુરસીસ આપેલી છે. જેથી અપીલ સમય વિત્યે મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૨ અને ૧૩ મોબાઈલ ફોન મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ રકમથી ઓછી નહીં પરંતુ મહત્તમ રકમ ઉપજે તેવી રીતે જાહેર હરાજી કરવી તથા તે રકમ સરકારશ્રી ખાતે જમા કરાવવા હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ આર્ટીકલ નં. ૯ વાળી સફેદ મારૂતી વાન અંગે અગાઉ મુદ્દામાલ અરજી નીચે થયેલ હુકમ કાયમ કરવા હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ તારીખઃ **૦૯મી** માહે **ડિસેમ્બર,** સને **૨૦૨૫** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૧૨/૨૦૨૫ **(સચીન પ્રતાપરાય મહેતા)**
સ્થળઃ સુરત. ચૌદમા એડિશનલ સેશન્સ જજ,
સુરત.
TMP GJ00934